અકબરે વૈદર રાજાનો આદરસત્કાર રૂડી રીતે કર્યો. એ દિવસ શુભ મુહૂર્તમાં વિવાહવિધિ કરવાનું નક્કી થયું. અંદારવે બાંધેલા અકબરની પરોણાગત સ્વીકારતો વૈદર રાજા ત્રીજે દિવસ રાત્રે ભવનમાં ઘણા ચેનથી રહેતો હતો. પરંતુ ત્રીજે દિવસે એકાએક જુએ છે તો પોતાના મહેલને અકબરના સૈન્યે ઘેરો ઘાલેલો. એ સમૂળા લોકો બહાર જતાં કોઈ છિદ્ર રાજાનું ધૈર્ય ભાગી ગયું. અકબર રાજાએ કમાવીને મને અહીં આણ્યો એ હવે તેના લક્ષમાં આવ્યું. આ સંકટમાંથી કેમ છૂટાય એ એને સૂઝે નહિ. તેણે પોતાના મંત્રીઓને તાત્કાલિક બોલાવી આ આફતમાંથી છૂટવાનો ઉપાય શોધી કાઢવા કહ્યું.

તેમાંનો એક જણ બોલ્યો, " મહારાજ, આ સૈન્ય સાથે યુદ્ધ કરવા મેં આપણા ખૂબીદાર કોઈ ઠરાવ દીધી

એ તને કંઈ કહ્યું હશે, તારું અપમાન કર્યું હશે, પણ તેનું વેર વાળવાનો આ સમય નથી. સવાર થતાં પહેલાં બ્રહ્મદત્ત અમારો બધાનો નાશ કરવાનો છે! માટે પ્રથમ અમને આ સંકટમાંથી ઉગાર અને પછી તને ભૂલમાં જે કંઈ બોલાઇ ગયું હોય તેને માટે અમારો જે કંઈ ધીક્કાર કરવો હોય તે કરજે."

મહૌષધ બોલ્યો, "મહારાજ, આપના પર વેર લેવાની કે ધીક્કાર કરવાની મારી ઇચ્છા નથી, પરંતુ માણસના પાછલા કર્મો એવા વિકટ હોય છે કે સંભારો યા ન સંભારો તોપણ તેનું ફળ તો ભોગવવાનું જ! આપ જે આ બ્રહ્મદત્તની પુત્રી પર લુબ્ધ થયા તેનું ફળ ભોગવ્યા સિવાય આમાંથી કેમ કરી છૂટશો?"

રાજા અને તેના ચારે પ્રધાન વિચારમૂઢ થઈ બાળકની પેરે રડવા લાગ્યા. મહૌષધને પોતાના રાજાની દયા આવી. તે બોલ્યો, "મહારાજ, સંકટ સમયે આવો શોક કરવો આપના જેવા રાજકુળમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયને ઉચિત નથી. આપ જો ધીરજ રાખશો તો સૌને થોડા જ વખતમાં હું આ સંકટમાંથી પાર ઉતારું છું."

મહૌષધે પોતાના નોકરોને જમીન નીચે તૈયાર કરેલા ભોંયરાનો દરવાજો ઉઘાડવાનો હુકમ કર્યો. બ્રહ્મદત્ત રાજાની પોતાના ધણીને ફસાવવાની યુક્તિ જાણી જઈને તેણે આ નિવાસસ્થાનથી બે ભોંયરાં તૈયાર કર્યાં હતાં. મોટું ભોંયરું ગંગાના કાંઠા સુધી લઈ જવામાં આવ્યું હતું અને

આ તરફ મહીપતે પોતાના ધણીને અને તેના ચારે જુના પ્રધાનને ભોંયરામાં ઉતાર્યાં અને કહ્યું, " હું ચાર પાંચ મહિનાથી અહીં આવી બેઠો હતો તે મોજને ખાતર બેઠો હતો એમ તમને લાગે છે શું? મિથિલામાં હતો ત્યારથી જ હું બ્રહ્મદત્તનું કપટ કળી ગયો હતો. તમને સૌને તે સકંજામાં લેનાર છે એમ હું જાણતો હતો. અને તેથી જ ગયા ચાર મહિનામાં અહીં આવી મ્હેં અવિશ્રાન્ત મહેનત કરી. આ ભાગી છૂટવાની ચોરવાટ છે એમ સમજીને વાકાયુધ્ધ ન જતા. આ ભોંયરા વાટે ઘોડા પર બેઠાં સુદ્ધાં તમારાથી સહેલે જઈ શકાય એવું છે."

બોધિસત્વના ચાતુર્યથી તે સઘળા બહુ ચકિત થઈ ગયા. મહૌષધ કેવળ રાજનીતિમાં જ નહિ પણ કળાકૌશલ્યમાં સુદ્ધાં અતિ નિપુણ હતો. આ ઉન્માર્ગની (ભોંયરાની) તેણે જે રચના કરી હતી તેવી શિલ્પકલાનિષ્ણાત માણસને પણ કરતાં આવડત કે કેમ તે વિષે શંકા જ રહે છે. આ ભોંયરાને અંદરથી છો કરી એક બાજુએ સુંદર ચિત્રો કઢાવ્યાં હતાં; થોડે થોડે અંતરે સુગંધી તેલના દીવા ટાંગવામાં આવ્યા હતા; જમીન પર કાશ્મીરી પાષાણની ફરસબંધી કરી હતી અને તે પર સુંદર ગાલીચા પાથર્યા હતા. વચમાં વચમાં કો વગેરે વસ્તુઓ ગોઠવી રાખી હતી; અને સુવાસિત પુષ્પમાળાઓથી એ ભોંયરાનો ઉપરનો ભાગ શણગારવામાં આવ્યો હતો.

રાજા અને પ્રધાન આ શોભા નિહાળવામાં જ ગરક થઈ ગયા એ જોઈ બોધિસત્વે તેમને કહ્યું " હવે આ ભોંયરામાં

નથી. આપ મ્હારી ચિંતા કરશો મા. અકદનના સૈન્યે પાછલા ઘેરામાંથી આપના આખા સૈન્યને છોડાવી તેને સાથે લઈ હું તાકીદે આવત. દર્શને આતુર."

આમ કહી મહેરાએ પોતાના ધણીની રજા લીધી અને તે પાછો ફર્યો.

વૈદર્ભ રાજાએ પોતાના પ્રધાન અને અકદનના હુકમ સહવર્તમાન મહેરાએ તૈયાર રાખેલી હોડીઓમાં બેસી નિદિધાનો માર્ગ લીધો.

આ તરફ અકદન વૈદર્ભના મહેલ પાસે આવી પહોંચ્યો અને પ્રભાત થતાં જ મહેલમાં પેસી વૈદર્ભ રાજાને અને તેના પ્રધાનોને જીવતા પકડી લાવવાનો તેણે પોતાના માણસોને હુકમ આપ્યો. મહેલમાં રહેલા દાસના કહેવા અને સ્નાન વગેરે કરી માત્ર થતા દીવાનખાનામાં આવી બેઠો. અકદન રાજાએ કરેલો હુકમ સાંભળી તે અમાત્યએ ઘરી અકદનને કહેવા લાગ્યો, "મહારાજ, આપ આ નાહક વખત મારી રહ્યા છો. આપનું ધનુષબાણ નીચે મૂકી દો. આપના હૃદયનું એ અહીં કામ નથી."

અકદન બોલ્યો, "તારો ચહેરો પ્રફુલ્લિત દેખાય છે અને તું હસતો હસતો બોલે છે. કદાચ મગજ ફરેલાં માણસની આવી સ્થિતિ થતી હશે!"

ઔચિત્યે જવાબ દીધો "આપની ગર્જનાનો અર્થ છે! વૈદર્ભ રાજ ગુનેગાર ગંગા ઉતરીને પોતાને દેશ સાથ

વિષે મ્હારી ખાતરી થવાથી કહ્યું ખાતી રહ્યું નથી, પણ સામ્રાજ્યમનું મ્હારૂં કુટુંબ તારા કારણે શી રીતે આવી પડ્યું એ મને કહે."

બોધિસત્ત્વ મોટા જાથી નીચે ઉતરી બ્રાહ્મણને પગે કરેલા પ્રણામ. ઘણી મોટી અને ત્યાંની અત્યંત શોભા બતાવી બોલ્યા, "મહારાજ, આજ બે ચાર મહિના સતત પરિશ્રમ કરીને વૈદેહ રાજાને અને આપના કુટુંબને સુરક્ષિતપણે નીકળવા માટે આ માર્ગ મેં તૈયાર કર્યો છે."

આ રીતે બોધિસત્ત્વની ચતુરાઈથી જ નહિ પણ નિઃસ્પૃહવિચારથી પણ ચકિત થઈ ગયો. તેણે બન્ને બાજુ ફરીને જોયું અને તેમની રચના જોઈ આશ્ચર્યચકિત થઈ મહૌષધને કહેવા લાગ્યો કે, "હે મહૌષધ, હવે હું અહીંથી જવા તૈયાર નથી. તારે હવેથી મ્હારી પાસે જ રહેવું પડશે. હું તને મુખ્ય પ્રધાનની જગા આપુ છું. તારા જેવા ચતુર માણસ પાસે હોવા એ રાજાનું મોટું સદ્ભાગ્ય ગણાય."

મહૌષધ બોલ્યો, "વૈદેહ રાજા જીવે છે ત્યાં સુધી મ્હારાથી બીજા રાજાની સેવા ન થઈ શકે, કારણ એમનું અન્ન હું ઘણા દિવસથી ખાતો આવ્યો છું. છતાં આપને કદી અડચણ પડશે ત્યારે ત્યારે હું આપની મદદે આવીશ. હવે વૈદેહનું અને આપનું સગપણ બંધાયું જ છે, એટલે આપણો સંબંધ નિકટ થશે અને તેથી વિદેહની અને પાંચાલની મૈત્રી દૃઢિભૂત થતી જશે એવી હું આશા રાખું છું."

તેમિષકુમારે પોતાના શોકનું કારણ કહેતાં તે બોલી, "તું અમરાહશ મા. શાણપણ બનાવવાને બદલે ઘેલછાથી વર્તીશ તો તારા આશ્રિત પોતાની મેળે જ તને અહીંથી કાઢી મૂકશે."

તેમિષ બોલ્યો, "હે દેવતા, તારાં વચન પર વિશ્વાસ રાખી હું એ રીતે વર્તું છું. આ ગજબદેવમાં તું જ એક મ્હારી હિતચિંતક છે."

ત્યારથી તેમિષકુમારે ઘેલછાનો ઢોંગ શરૂ કર્યો. તે શું બોલે છે એ કોઈનેય સમજાતું નહિ. માત્ર "હા હા હા" એવો શબ્દ કરતો; કોઈકવાર હાથ પગ અફડાક મચા જેવા કરી પાથરણા પર પડી રહેતું; કશું કારણ ન હોય તોપણ જમો પાડતો, એવો ક્રમ એણે ચલાવ્યો. કાશીરાજને પોતાના એકના એક પુત્ર માટે બહુ ચિંતા થવા લાગી. તેણે પોતાના રાજ્યના જ્યોતિષી બ્રાહ્મણોને બોલાવી મન્ત્રતન્ત્ર, હોમહવન વગેરે બધું કરાવ્યું, પરંતુ તેમિષની પ્રકૃતિ સુધરી નહિ! કુશળ વૈદ્યો બોલાવી રાજાએ પોતાના પુત્રના વ્યાધિનો ઉપચાર કરવાને કહ્યું; પણ વૈદ્યો તેમિષનો રોગ શો છે તે જ સમજી શક્યા નહિ!

આવી સ્થિતિમાં કેટલાંક વર્ષો વીત્યા પછી તેમિષની બાલ્યાવસ્થા પૂર્ણ થઈ અને તેણે તરુણાવસ્થામાં પ્રવેશ કર્યો. તેના રૂપમાં કશીયે મણા નહોતી. યૌવનના જોસમાં હોવાથી તે ઘણો જ તેજસ્વી જણાતો હતો. પરંતુ તેની ઘેલછાથી રાજાને તે અળખામણો થતો ચાલ્યો. તોપણ રાજાએ તેને સાજો કરવાના ઉપાય છોડી દીધા નહિ.

એક દિવસ પ્રધાનમંડળમાંનો એક જણ રાજાને કહે, "મહારાજ, યુવરાજની ઘેલછા મટાડવાને અમે અનેક ઉપાય કર્યા, પણ એમાં અમારું કંઇ વળ્યું નહિ. વૈદોએ, જ્યોતિષીઓએ અને માન્ત્રિકોએ પણ હાથ હેઠા મૂક્યા છે! હવે મ્હને એક નવો ઉપાય સૂઝ્યો છે. યુવરાજ યૌવનમાં આવ્યા હોવાથી તેમની આસપાસ સંખ્યાબંધ સુંદર સ્ત્રીઓ રાખવામાં આવે તો કદાચ તેઓના સહવાસથી યુવરાજની ઘેલછા દૂર થવાનો સંભવ છે."

રાજાએ તાબડતોબ યુવરાજની સેવામાં પુષ્કળ તરુણ રૂપવતી સ્ત્રીઓને ગોઠવી દીધી.

તેમિયે બીજા ઉપાયોની જેમ આ ઉપાયને પણ દાદ દીધી નહિ! પેલી તરુણ સ્ત્રીઓ તેની પાસે જઇ શૃંગાર-રસપૂર્ણ મનોવેધક સંભાષણો કરે, પણ તેમિય તો "હા હા" "હૂં હૂં" સિવાય બીજા શબ્દો ઉચ્ચારે જ નહિ.

રાજાને પુત્રની પ્રકૃતિ સુધરવાની આશા હવે રહી નહિ. તેણે પોતાના જ્યોતિષી બ્રાહ્મણોને બોલાવ્યા અને પૂછ્યું, "ભૂદેવો, આ પુત્ર જન્મ્યો ત્યારે તમે એવું ભવિષ્ય ભાખ્યું હતું કે આ મ્હોટો પુણ્યશાળી થનાર છે; પરંતુ આટલાં બધાં વર્ષોના અનુભવે એમ લાગવા માંડ્યું છે કે આ છોકરો સાવ જ જડમૂઢ છે. આવા આ પથ્થરને રાજમહેલમાં રાખવો કે ન રાખવો એનો જ હું વિચાર કરૂં છું!"

બ્રાહ્મણ બોલ્યા, "મહારાજ, જ્યોતિઃશાસ્ત્રીથી અજાણ એવી એકે વાત નથી. પ્રાચીન આર્યોએ પોતાની દિવ્ય દૃષ્ટિથી

ઓગિનિરાશ્રમના વિદ્વાન જ નથી છે. આ ઠાકોર પેશ કી
એમ અને પરેશેલો જ લખ્યું મથા હતા થયું તે અમને
આપને એમ કહીએ તે. પુસ્તકમાં આનંદ આપ નહિ
આપું તો એમ અમને વાગ્યું પણ મરીને દાન કરે
આપવાથી એ લક્ષ્ય મુક્તિ એથી અમને આશા હતી
પરંતુ આપ મહેરબાન એક વિચાર છે કે મરણ નિકટ આવ્યા
સુધારો થશે તે. આપનું એ ત્યાં પણ લખે, એ ગમાને નામ
છે. હવે અમારે આ પર એમ કહેવાય કે આ અમારી પ્રાર્થના
આપ સ્વર્ગમાં જ ગયા. એમ ન ક્યાંય સાંભળ્યું છે.
આપના સાથ પર એવું ન હોય આવવાના નથી છે."

દામોદરજીએ કાંઈક આશ્ચર્યથી અને પ્રેમથી
મહારાજા તેમનું મંત્રીઓને આવ્યા નીકળી દઈ દેવાને
નિશ્ચય કર્યો.

આ અમારા મહારાજે ... ત્યારે તેને અત્યન્ત
દુ:ખ થયું. રાજ્યનું મન વાળવાનો પ્રયત્ન નિષ્ફળ જવાથી
તેનું રાજ્યને કહ્યું. "હવે આને એક વર આપેલો છે તે હું
આ પ્રસંગે માગી લઉં છું."

દામોદરજીએ કે એમ કહે- સંકોચી બોલ્યા. "મારા
પુત્રને રાજ્ય આપો."

દામોદરજી બોલ્યા, "એમ કરું તો મ્હારી પ્રજા ભ[illegible]
[illegible] માટે આ વર મ્હારાથી નહિ અપાય."

બીજે દિવસે કાશીરાજએ સુનંદ સારથિને બોલાવી નેમિયને અમંગળ રથમાં બેસાડી દૂર એક અરણ્યમાં લઈ જઈ દાટી દેવાની આજ્ઞા કરી.

તે પ્રમાણે સુનંદ કાળા રથને કાળા ઘોડા જોડી તેમ નેમિયને બેસાડી અરણ્યમાં લઈ ગયો અને ત્યાં નેમિયને રથમાં જ રાખી સુનંદ તેને દાટવા માટે એક ખાડો ખોદવા લાગ્યો.

આ જોઈ નેમિય તેને કહેવા લાગ્યો, " હે સારથિ, તું આટલી ઉતાવળથી આ ખાડો શા માટે ખોદે છે ? "

સુનંદે તેની તરફ નજર ન જોતાં તેને કહ્યું, " અમારા રાજાને એક મૂંગો, બહેરો, અને જડભરત એવો પુત્ર થયો છે. તેને આ ખાડામાં ઘાલી દાટી દેવાને રાજાએ મ્હારે સ્વાધીન કર્યો છે. "

તે સાંભળી નેમિય બોલ્યો, " હું બહેરો નથી, મૂંગો નથી, કે જડભરત નથી ! મ્હને તું આ ખાડામાં દાટીશ તો તારે હાથે મ્હોટો અનર્થ થશે ' હાથમાંથી કોદાળી નીચે મૂકી જરા મ્હારા તરફ જો ! મ્હારા હાથપગ સાબૂત છે અને મ્હારો બોલ તો તું સાંભળે જ છે ! માટે મ્હને આ ખાડામાં નાખીને તું અધમાચરણ કરીશ મા ! "

સારથિને બોધિસત્વનાં આ વચન સાંભળી ઘણો જ અચંબો થયો. રાજના પ્રધાનમંડળે, વૈદોએ અને જ્યોતિષીઓએ જેને જડભરત ઠરાવી દાટી દેવા માટે પોતાને સ્વાધીન કર્યો તેને

૮

સુતસોમજાતક

આપણા બોધિસત્વ એક વખત કુરુ દેશમાં ઇન્દ્રપ્રસ્થ નગરમાં કૌરવ્ય નામના રાજાની પટરાણીને પેટે જન્મ્યા. તેનું નામ સુતસોમ રાખવામાં આવ્યું. તે વયમાં આવ્યા પછી કૌરવ્ય રાજાએ તેને તક્ષશિલા નગરીમાં શાસ્ત્રાભ્યાસ માટે મોકલ્યો. તે જ સમયે કાશીના રાજાનો પુત્ર બ્રહ્મદત્ત વિદ્યાભ્યાસ માટે તક્ષશિલા જવાને નીકળ્યો હતો. માર્ગમાં આ બે રાજકુમારનો એક ધર્મશાળામાં મેળાપ થયો. પરસ્પર એકબીજાની ઓળખાણ થયા બાદ એની મૈત્રી જામી. તક્ષશિલા સુધી તેમણે સાથે પ્રવાસ કર્યો અને પછી તેઓ એક જ આચાર્યગૃહે વિદ્યાભ્યાસ માટે રહ્યા.

ઓદિમન્ત બોલ્યો, "અમે પોતપોતાના ગામમાં જઈ ને ત્યાં રમણ્યું રાખવા માટે ઉપોસથ વ્રતનું પાલન કરીશું."

ગામમુખીઓએ આ વ્રત પાળવાનું કબૂલ કર્યું અને ઓદિમન્તની આજ્ઞા લઈ પોતપોતાના ગામમાં ગયા.

શ્રાવણ કુમારે તેના પિતાના મરણ પછી ગાદીએ આવ્યું. તેણે ઓદિમન્તને આપેલા વચન પ્રમાણે તે ઉપોસથ વ્રત પાળતો. ઉપોસથને દિવસે પોતાની રાજધાનીમાં કોઈપણ પ્રાણીનો વધ ન કરવો એવો હુકમ તેણે કર્યો હતો. પરન્તુ રાજકુટુંબના રસોઇયા દુખી થયાથી ગુજરે પ્રાણ હણેલી આહારને પ્રસાદના આરોગ ગણી નહિ. તેને ધીરે ધીરે માંસ-ભક્ષણનો એટલો શોખ લાગ્યો કે ઉપોસથને દિવસે સુદ્ધ

* આઠમ, અમાવાસ્યા, પૂર્ણિમા અને કૃષ્ણચતુર્દશી—આ ચાર દિવસને ઉપોસથ દિન કહે છે. આ દિવસે જે બુદ્ધ અને જે શ્રમણ ધર્મસંઘમાં ગણ ગણે છે તેમને ઉપાસક અને ઉપાસિકા કહે છે. ઉપાસકોને અને ઉપાસિકાઓને આ દિવસે પાળવા માટે બુદ્ધે આઠ નિયમ કહી આપ્યા છે. તે આ પ્રમાણે:

૧ પ્રાણઘાત ન કરવો. ૨ ચોરી ન કરવી. ૩ અબ્રહ્મચર્ય ન સેવવું (સ્ત્રીસંગથી રહેવું) ૪ જૂઠું ન બોલવું ૫ મદ્યાદિ-માદક પદાર્થનું સેવન ન કરવું ૬ મધ્યાહ્ન પછી ન જમવું. ૭ મનોવિકારનું ઉદ્દીપન કરનાર નૃત્યગીતાદિ વસ્તુઓ ન જોવી અને ગંધમાલ્યાદિ વિલાસના પદાર્થ ધારણ ન કરવા, ૮ ઉંચી અને મોટી પથારી પર ન સૂવું.

આ આઠ નિયમ જૈનોના પૌષધના સરખા પણ પ્રકારમાં હતા એમ સિદ્ધ હોય માને છે.

અને બીજું કંઈ પણ ન પીરસતાં મનુષ્યમાંસ જ આપ! પરન્તુ રાજા મનુષ્યમાંસનું ભક્ષણ કરે છે એ ખબર કોઈને પણ જણાવા દઈશ નહિ. કદાચ પણ આ વાત કોઈ જાણી તો હું તને દેહાન્તદંડની શિક્ષા કરીશ."

રસોઈએ કહ્યું, "મહારાજ, આપની આજ્ઞા પ્રમાણે વર્તવાને હું તૈયાર છું પણ રોજ મનુષ્યમાંસ આપવું ક્યાંથી?"

રાજા બોલ્યો, "અરે ગુરૂઆશ્રમમાં પુષ્કળ છોકરાઓને કાશી દેવામાં આવે છે. ત્યાંથી તું માંસ લાવતો જા."

રાજાના હુકમ પ્રમાણે રસોઈઓ, કેદખાનામાંથી રોજ ન જાણે એમ નરમાંસ લઈ આવતો; પણ તેના ગુન્હેગાર થોડા વખતમાં ખલાસ થયા. રાજાને તો નરમાંસનો એવો ચસકો લાગ્યો હતો કે એક દિવસ પણ તે ન મળતાં તેના જીવને અનારામ થતી.

એક દિવસ રસોઈએ રાજાને કહ્યું, "હવે આપણા ગુરૂઆશ્રમમાંથી આપને રોજનું માંસ મળવાનો સંભવ નથી. તો આજ્ઞા શું કરવું?"

રાજા બોલ્યો, "રસોઈ, આટલી બધી ચિન્તા કરવાનું કશું કારણ નથી. સન્ધ્યાકાળે ચોપટીના દર થયા પછી તું એકાદ નાનકડી મઢીના બાજુ બરાબર બેસ અને ત્યાં એકાદ ઘડી પુરૂષ કે સ્ત્રી મળે એટલે તેને મારીને માંસ લઈ આવવાનું ચાલુ કર."

કોબદસ્તીએ તેજ દિવસે રાત્રે પોતાના છુપા જાસુસ આખા શહેરમાં પાથરી દીધા. તેમણે કેસરને એક માણસનું ખૂન કરી તેનું માંસ ટોપલીમાં ભરીને જતા પકડ્યો અને તાબડતોબ પોતાના હજુરી આગળ હાજર કરી દીધો હતો.

કોબદસ્તીએ પૂછ્યું, "અરે સેવક તું તો રાજાનો માનીતો હજુરિયો છે તેં આ કેવો ગજબ કરવા માંડ્યો છે?"

કેસરે જવાબ આપ્યો, "સેનાપતિ મહારાજ હું મારા પેટનો ખાડો ભરવા સારુ કે કુટુંબના પોષણ માટે આ કામ કરતો નથી. મહારાજાધિરાજના હુકમથી મારે આ કર્મ કરવું પડે છે. મારા માલિકથી એક દિવસ પણ નરમાંસ ન નિરાય અમ ભરાતું નથી."

સેનાપતિએ કહ્યું, "કેસર, આવતી કાલે હું તને સાથે રાજમહેલમાં આવીશ. ત્યાં રાજા સામે આ વાત તારે કહેવી પડશે."

બીજે દિવસ સવારે કેસરને સાથે કોબદસ્તી રાજમહેલમાં ગયો અને રાજાને કહ્યું, "મહારાજ, આ કેસરને બોલાવીને આપ નગરવાસી રહીશોનાં ખૂન કરાવો છો એ વાત સાચી છે?"

રાજાએ કહ્યું, "કેસરે જે કહ્યું છે તે સાચું છે. મારે માટે તે આ કામ કરે છે."

રાજા પોતાના હજુરિયાને હાથથી રોજ ખૂન કરાવે છે અને તેમનું માંસ ખાય છે એ જાણી અત્યંત શહેરનાં

રસકને માત્ર મ્હારી સાથે આપો. મ્હને મ્હારાં શસ્ત્રાસ્ત્ર અને મ્હારો રસક મળશે એટલે પછી મ્હારે આ રાજમહેલમાંની બીજી કશીયે સંપત્તિ નથી જોઈતી।"

સેનાપતિએ તે જ દિવસે રાજાને અને રસકને તેમનાં શસ્ત્રાસ્ત્ર સહિત વારાણસી નગરમાંથી હાંકી કાઢયા. બ્રહ્મદત્ત એક મ્હોટા અરણ્યમાં પેઠો અને ત્યાં એક વડના ઝાડ નીચે રહેવાની જગા તૈયાર કરી. વડનું ઝાડ એવડું મ્હોટું હતું કે પોતાનું રહેઠાણ તૈયાર કરવા માટે નીચેની જમીન સાફસુફ કરવા ઉપરાંત બ્રહ્મદત્તને વિશેષ મહેનત કરવી પડી નહિ.

આ ઝાડથી થોડેક દૂર કાશી દેશમાંથી બીજા દેશમાં જવાનો રસ્તો હતો. આ રસ્તે વટેમાર્ગુ અને વ્યાપારીઓ પ્રવાસ કરતા. બ્રહ્મદત્ત કોઇ ઝાડની આડે સંતાઇ બેસે અને એ રસ્તે મુસાફર લોક જવા લાગે એટલે એમ.થી એકાદ બે માણસને મારી અથવા જીવતો પકડી પોતાના વડ તરફ ચાલતો થાય, અને ત્યાં રસક પોતાના ધણીએ આણેલો શિકાર સહ પકવાન તૈયાર કરી રોટીને ખવરાવે, એવો ક્રમ ચાલતો હતો.

બ્રહ્મદત્તની આખા ભરતખંડમાં 'મનુષ્યભક્ષક ચોર' એ નામથી પ્રસિદ્ધિ થઇ. તે માર્ગે જનારા વટેમાર્ગુ અને વેપારી બ્હીવા લાગ્યા. છતાં અરણ્યમાંથી પસાર થવાને બીજો સગવડભરેલો રસ્તો ન હોવાથી નિરુપાયે જીવનું જોખમ વેઠીને પણ લોકો એ જ માર્ગે જતા.

એક દિવસ રસ્તામાં માણસનો શિકાર હાથ ન લાગવાથી બ્રહ્મદત્તે પોતાના રસકને મારી તેનું જ માંસ ખાધું અને ત્યારથી તે એકલો જ રહેવા લાગ્યો.

હવે દેવતાના ઝપાટામાંથી મુક્ત શી રીતે થવું એ તેને સૂઝ્યું નહિ.

એક દિવસ તે પોતાના શિકાર માટે નીકળેલો ત્યાં તેને એક યક્ષ મળ્યો. એ તેના પૂર્વજન્મનો સંબંધી હતો. ઋષદત્તે પોતાની વાત તે યક્ષને કહી એટલે તે બોલ્યો, "મિત્ર, તું મ્હારો આગલા ભવનો દોસ્ત છે. તું મ્હારી સાથે આવવા હોય તો ચાલ, આપણે બેઉ એક જ ઠેકાણે રહીએ."

ઋષદત્ત બોલ્યો, "હું તારી સાથે આવત તો ખરો, પણ મ્હારી એક બાધા છે તે પૂરી કર્યા વિના મ્હારાથી આ જગા છોડાય એમ નથી."

યક્ષ બોલ્યો, "એવી તે તારી બાધા શી છે?"

ઋષદત્તે બધી વાત કહ્યા પછી યક્ષ બોલ્યો, "એ રાજકુમારીને પકડી આપવામાં હું તને મદદ કરત; પણ જરૂરના કામને લીધે મ્હારે મ્હારા નિવાસસ્થાન તરફ આજ ને આજ જવું જોઈએ. તોપણ હું તને એક મંત્ર શીખવું છું, તે મંત્રના સામર્થ્યથી ગમે તે ઠેકાણે વાયુવેગે જઈ શકાશે."

ઋષદત્તે તે મંત્ર બરાબર મ્હોડે કર્યો. પછી યક્ષે તેને આલિંગન દીધું અને તેની વિદાય લીધી.

તે દિવસથી બીજા ખંડના રાજકુમારીને પકડી આપવાનો ઋષદત્તે સપાટો ચલાવ્યો. દિવસમાં પાંચ દશ રાજકુમારીને તે પકડી આણતો અને તેમને હવેલીમાં કેદ કરી તેમાં કોઈ ખરીદી વસ્તુઓની સાથે ભરી દેતો. આ પ્રમાણે એક

ના. ગુણધર્મ પોતાના શીલનિષ્ઠાથી તેની ધર્મબુદ્ધિ જાગી
ઊંકને અને પુણ્યબુદ્ધિ પ્રકટિત કરી.

કિંતુ આ વચન સાંભળીને દેવતા તે જ ક્ષણે પોતાને
સ્વરૂપે આવી અને ભિક્ષુને ભયંકર રૂપે માટે ભયંકર
પોતાની તલવાર વડે તેને મારવા ધસી. પરન્તુ તેના કેશ
તેનાથી ધડ કપાયાં નહિ. ત્યારે તે બોલી, ' અરે ભિક્ષુ,
ત્યારથી ભૂમિ આમ બને છે શાને ? તું તો અદેખાઈ તજનારી
દેવ તો ઈશ્વરીના તને આટલી બધી પવિત્ર ન દેખી શકીશ ''

ભિક્ષુસ્વરૂપિણી દેવતા બોલી, " અરે બાળ, હું તો ન
નાચતા ફિકર જ છું. પણ તારા પેઠા પાપકર્મ કરીને તું જ
અસ્થિર છે. તું જ અહીં નહીં રોકાતો તત્ત્વત છે ' "

તે ભિક્ષુના આ શબ્દો સાંભળી ભયભીત બની ધ્યાનો
અને બોલ્યો, " હું અહીં પાછી કરું, તોપણ મારું વચન હું
પાળતો આવ્યો છું. મારી દેવતાની કરેલી માનતા પ્રમાણે
આવતી કાલે હું આ ગળકુમારને મારી નાંખનાર છું. "

ભિક્ષુ બોલ્યો, " આ ગામમાં તેં તો સુવ્યાર્ગ કરી છે!
દેવતાને પોતાની પ્રિય વસ્તુનો બલિ આપવા એવો રિવાજ છે.
પરંતુ તારા માનેલા સુતમાંભર ટાળીને ગામના ગળકુમારોનો
તું બલિ આપે છે ! આ તારા કૃત્યથી તારી દેવતા કદી યે
પ્રસન્ન થવાની નથી ! "

આમ બોલીને દેવતા ત્યાં જ અંતર્ધાન થઈ ગઈ.

આવ્યો. પુષ્પનક્ષત્રના યોગને આગલે દિવસે ઈન્દ્રપ્રસ્થ નગરની સીમાના ગામમાં તે આવી પહોંચ્યો. રાત્રિ ઘણી ગયેલી હોવાથી અને થાક લાગેલો હોવાથી તેણે વિચાર કર્યો કે આજની રાત અહીં જ મુકામ કરી આવતી કાલે સવારે યુવરાજના દર્શન કરવું.

ગુનંઆમ પુષ્પનક્ષત્રના યોગને સમયે આચાર્ય જતો હતો ત્યાં રસ્તામાં આ બ્રાહ્મણનો ભેટો થયો. બ્રાહ્મણે હાથ ઉંચા કરી યુવરાજને આશીર્વાદ દીધા. ગુનંઆમ રથમાંથી નીચે ઉતર્યો અને બ્રાહ્મણ ક્યાંથી અને કેમ આવ્યો છે એની પૃચ્છા કરી.

બ્રાહ્મણ બોલ્યો, " મહારાજ, આપ વિદ્યાના અનન્ય ભક્ત છો એવી આપની કીર્તિ સાંભળી તક્ષશિલાથી હું અહીં સુધી ચાલતો આવ્યો છું. મેં મારી સાથે તો મા હાંપણની હિંમતના ચાર શ્લોક આણ્યા છે, તે આપ સાંભળો અને આપને પસંદ પડે તો એને યોગ્ય પારિતોષિક આપજો."

ગુનંઆમ બોલ્યો, " હું હમણાં સ્નાન માટે જાઉં છું. પુષ્પનક્ષત્રનો યોગ હોય ત્યારે સ્નાન કરવું એવો શાસ્ત્રનો નિયમ છે. તેથી તમે હમણાં હું આવું ત્યાં સુધી હું કહું તે ઠેકાણે વિશ્રાન્તિ લો."

ગુનંઆમે પોતાના એક હજુરીઆને બ્રાહ્મણ સાથે મોકલી એક ઉત્તમ મકાનમાં તેની બધી વ્યવસ્થા કરી.

ગુનંઆમ પોતાના તળાવને કાંઠે આવી સ્નાનાર્થે તળાવમાં પ્રવેશે છે કે તરત નક્રમત્સ્યે તેને પકડ્યો. ગુનંઆમને પાણી પર નાખી

ઓધિસત્વ બોલ્યો, " હે નરભક્ષક, અમનમાગ્યનું ત્રાપ વહોરીને જીવતા રહેતાં હું ખુશી ખુશીથી મરણ સ્વીકારીશ. જો કેવળ પોતાનો જીવ બચાવવા ખાતર જૂઠું બોલે છે તે ગુરુના પંજામાંથી કદાચ બચશે, પણ દુર્ગતિમાંથી કદિ છૂટવાનો નથી. હે પુરુષાદ, ગડ અને સૂર્ય કદાચ પૃથ્વી પર પડશે અને સર્વ નદી કદાચ ઉંધા વળી વહેવા લાગશે. પણ મ્હારા મ્હો માંથી અસત્ય કદિ નીકળનાર નથી.' આવું કહ્યા છતાં તને કેવ મારી ખાતરી પડતી ન હોય તો આ તારી નક્ષત્રના ભોજન માટેને હું કહું છું કે આપના ઋણમાંથી મુક્ત થઈ હું જલદી પાછો આવીશ.'

નરભક્ષક મોટી મૂંઝવણમાં પડ્યો. ક્ષત્રિયો મહમા ખાય નહિ એવા ભોજન સુતસોમ ખાય છે, તો તેને છોડી દેવો કે નહિ એનો તેને વિચાર પડ્યો. છેવટે તે એવા નિશ્ચય પર આવ્યો કે એની સુતસોમ ખાસી ભય નાખવું હરકત નહિ, એટલે એની પરીક્ષા તો કરી. પછી તેણે સુતસોમને કહ્યું, " ક્ષત્રિયો મહમા ખાય નહિ એવી જાતના નક્ષત્રના ભોજન તેં ખાધા છે. તેથી તારા પર વિશ્વાસ રાખી હું તને છોડી દઉં છું. આપમને વિદાય કરીને તું પાછો આવશે જ. તારા વિના મારો યજ્ઞ પૂરો થવાનો નથી એ લક્ષમાં રાખજે.'

સુતસોમ નરભક્ષકના હાથમાંથી છૂટીને રેડ પોતાના મહેલમાં ગયો. તેને જોઈ ને લોકોને આનંદ થયો. રાજપુત્ર બારે ઉદા- ખણથી નરભક્ષકના હાથમાંથી છૂટ્યો એમ જો તે કહેવા લાગ્યું. પણ્ ઓધિસત્વે પોતાના પરિજનના કહેવા વગર સાંભળ્યું

આ બ્રાહ્મણનો શ્લોક સાંભળીને બોધિસત્ત્વ બહુ સંતોષ પામ્યો અને તેણે બ્રાહ્મણને એકદમ ચાર હજાર કાર્ષાપણ બક્ષીસ આપ્યા. આ ખબર કૌરવ્ય રાજાને મળી ત્યારે તે બોધિસત્ત્વ પર ખૂબ જ ગુસ્સે થયો અને બોલ્યો, "અરે સુતસોમ! શ્લોક દીઠ પાંચ, પચાસ કે સો કાર્ષાપણ આપ્યા એટલે હદ આવી. તેં એકદમ એક શ્લોકના એક હજાર કાર્ષાપણ આપ્યા. એ શું કહેવાય?"

સુતસોમ બોલ્યો, "મહારાજ! વિદ્યાની અભિવૃદ્ધિ થાય એ જ મ્હારો હેતુ છે. સાધુજનના બોધવચન સાંભળતાં હું કદી યે ધરાતો નથી. મ્હારા દાસ પાસેથી પણ હિતોપદેશ સાંભળવાને હું તૈયાર રહું છું, તો આટલે દૂરથી બ્રાહ્મણ આવેલ. બ્રાહ્મણને હું વિમુખ કેમ કરું? જે બ્રાહ્મણથી તેનો ઉપદેશ મેં સાંભળી લીધો છે તેજ કારણે તેની યોગ્ય વિદાયગિરી કરવી ઉચિત હતી. આપ કહો છો તેમ પાંચ, પચાસ કે સો કાર્ષાપણ આપું તો તે એના વાટખરચ માટે પણ પૂરતા ન થાય. હવે પૈસાનો દુરુપયોગ કર્યા માટે આપને મ્હારા પર ગુસ્સે થવાનું કારણ નથી. હવે પછી મ્હારે હાથે આવા અપવ્યય થવાના નથી. મેં નરભક્ષકને આપેલા વચન પ્રમાણે હું તેની પાસે જાઉં છું. ત્યાંથી જીવતા આવવાની આશા જ નથી!"

કૌરવ્ય રાજા ચકિત થઈ બોલ્યો, "આ તું ગમે તેમ શું બોલે છે? એકવાર તું એ દુષ્ટના હાથમાંથી છૂટી આવ્યો અને ફરી તેના મ્હોંમાં જઈ પડે છે, એને શું કહેવું?"



બ્રહ્મદત્ત બોલ્યો, "હું નરમાંસ ખાઉં છું એ જ એક …મ્હોટો ગુન્હો છે ખરો ને ? અને તેથી જ તું મ્હને …ર્મિક કહે છે ને ? પરન્તુ હું તને પૂછું છું કે મૃગયા રમતા …ગરીબ બિચારાં પશુઓને મારીને ખાવાં અને માણસોને …ને ખાવા એમાં ફેર શો ?"

બોધિસત્વ બોલ્યો, "બ્રહ્મદત્ત, પાંચ નખવાળાં પાંચ …પ્રાણી ક્ષત્રિયે ભક્ષણ કરવાં એવી શાસ્ત્રની અનુજ્ઞા છે; …નારૂ આ કર્મ શાસ્ત્રનિષિદ્ધ હોવાથી તું અધાર્મિક …છે."

બ્રહ્મદત્તને આ ઉત્તર એટલેથી જ છોડી દીધો. કારણ …નો ગુન્હો કબૂલ કરવાની તેનામાં હિંમત ન હતી. બોધિસત્વને કહ્યું, "હું અધાર્મિક છું કે ધાર્મિક છું એ …મ્હારે વાદ નથી કરવો. પણ મ્હને તું પાછો આવ્યો …એ કહે. મ્હને લાગે છે કે તું ક્ષત્રિયનીતિ ભૂલી ગયો; …ના શત્રુના હાથમાંથી જેમ તેમ કરીને છૂટયા પછી …રાજપુરીથી તું મ્હારી પાસે આવ્યો ન હોત !"

બોધિસત્વ બોલ્યો, "રાજનીતિ કરતાં સત્ય શ્રેષ્ઠ છે. …ય જેવી બીજી નીતિ આ જગમાં નથી. ને સત્યનો ભંગ …ક્ષય માટે હું રાજપુરીથી આ ઠેકાણે આવ્યો છું."

બ્રહ્મદત્ત કહે, "રાજમહેલમાં ખટરસ અન્નનું ભોજન …વાનું અને શૃંગારરસનું આકંઠ પાન કરવાનું મળે છે, ને …થી સત્યનું જ નામ ઝાલી બેસવું એ કેવળ મૂર્ખપણું છે!"

તેનો આગ્રહ જોઈ બ્રાહ્મણ પ્રેમથી સ્વરેલી સ
ગાથાઓ મુખેથી તેને માટે ઉચ્ચારી; એટલે તે બોધિસત્વ
કહેવા લાગ્યો, "હે નરેન્દ્ર' આ તારી અર્થપૂર્ણ ગુ
ગાથાઓ સાંભળી મને બહુ આનંદ થયો છે. આ ગા
ગાથા બદલ હું મારા ખજાનામાંથી તને સાત વર આપું છું.

બોધિસત્વે કહ્યું, "હે બ્રહ્મદત્ત' પોતાનું દિનાદિન ન
જાણનારા કેવળ વિષયવાસનાથી જ કર્મ કરવાને પ્રવૃત્ત થયે
લો તારામાં વર દેવાનું સામર્થ્ય ક્યાંથી હોય? ધારો કે મેં
તારી પાસે વર માગ્યા, અને તે તારા સ્વભાવ પ્રમાણે નહિ
આપું એમ કહ્યું તો પછી એવે વખતે તારા નિવાય બીજું શું
પરિણામ આવે? અને કહો જોઈએ પુરુષ તારા જેવા માણસ
સાથે સંબંધ કરી શકે, કહો?'.

બ્રહ્મદત્ત બોલ્યો, "હે કુરુશ્રેષ્ઠ, મારા વચનનો ભંગ હું કદી પણ કરનાર નથી. પ્રાણ જશે તો પણ મારી બોલી હું
માગેલ વર આપ્યા સિવાય હું નહિ રહું.'

આ પ્રમાણે બ્રહ્મદત્તને વર માગવાનો પૂરતો આગ્રહ કર્યો
ત્યારે બોધિસત્વે તેને કહ્યું, "ઠીક છે; પહેલો વર હું એ
માગું છું કે તને સો વર્ષ સુધી નીરોગી અને સુખી જોવાને
હું સમર્થ થાઉં.'

આ સાંભળીને બ્રહ્મદત્તને બહુ આનંદ થયો. આ અલૌકિક
પુરુષ વર માગે છે તેમાં પણ બીજાના જ કલ્યાણ બાબત

બોધિસત્વના આ વચન સાંભળીને બ્રહ્મદત્ત હરખાયો અને બોલ્યો, "મનુષ્યમાંસ જેટલી મને બીજી કોઈ પણ વસ્તુ પ્રિય નથી. છતાં મ્હારે મનુષ્યમાંસભક્ષણ છોડવું એથી જ જો તારી એ ઇચ્છા હોય તો, તે વર પણ હું તને આપું છું."

બોધિસત્વે પોતે સો ક્ષત્રિયોને આણેલા રાજકુમારોને કહ્યું કે "હું તમને છોડાવવા માટે અહીં આવ્યો છું. પણ તમને છોડી દેતાં પહેલાં તમારે કબૂલ કરવું પડશે (બ્રહ્મદત્તના ખબર એટલી બધી ગફલત થઈ હતી કે) તમારે એને રાજ્ય આપવું. અમારી દયે જેથી રાજ્ય પાછું અમને અહીં આવી મળ્યું એમ સમજીને એને એ રાજાનો વિચાર મનમાં આવવો ન જોઈએ. એને કોઈ પણ પ્રકારે અહીં ખેંચવું નહિ એવી તમે પ્રતિજ્ઞા કરો, તો હું તમને છોડી દઉં છું."

રાજકુમારોએ બ્રહ્મદત્ત પર વેર વાળવું નહિ એવી પ્રતિજ્ઞા કરી, એટલું જ નહિ પણ એને તેના પર પોતાના ભાઈના જેવો પ્રેમ રાખવું એવું વચન આપ્યું. પછી બોધિસત્વે એ સૌને છૂટા કરીને પોતપોતાને દેશે મોકલ્યા અને પોતે કલ્માષપાદને લઈને વારાણસી નગરીમાં ગયા. ત્યાં કલ્માષપાદનો તેના પુત્ર સેનાપતિ બ્રહ્મદત્તના મરણથી રાજ્ય કરતો હતો. તે બન્નેને બોધિસત્વે ધીમેધીમેથી બોધ કરીને કલ્માષપાદનું પાલન કરવાને એમના મન મનાવ્યાં.

બ્રહ્મદત્તે નરમાંસ તજી દીધું છે અને હવેથી નરમાંસ ખાવાનો તેણે નિશ્ચય કર્યો છે વગેરે સમાચાર સાંભળી તેના

ભાગ બીજો

બુદ્ધચરિત્ર

(૧)

જન્મ અને બાળપણ

ક બુદ્ધ પછી ભિન્ન ભિન્ન કલ્પોમાં કૌંડિન્યાદિક
થયા. એમ સ્વજાતી કારકીર્દીમાં આપણા બોધિ
રમિતાઓમાંથી એક એક પારમિતા પૂર્ણ કરતા
. આ પારમિતા પૂર્ણ કરવા માટે બોધિસત્વે
. પ્રાપ્ત કર્યા અને તે પૂર્ણ થયા પછી [illegible]
ષિત નામના દેવલોકમાં જન્મ્યો.

ણાએ જગત પર બુદ્ધ ઉત્પન્ન થવા સંબંધી એવી
નાદસ્વરથી લાગી રહી હતી. અનેક ચક્રવાલમાંથી
થયા અને તેમણે બોધિસત્વને મનુષ્યલોકમાં
ને ખૂબ આગ્રહ કર્યો. તેમણે કહ્યું, "હે મિત્ર!
ળ સુધી દશ પારમિતાનો અભ્યાસ કર્યો, એ પાર
ણે પૂર્ણત્વ પહોંચાડી, તે જન્મમાં અડગ સંપત્તિ
ઇચ્છાથી નહિ — ઇન્દ્રપદ કે બ્રહ્મપદ મેળવવાની
નહિ; પણ મનુષ્યલોકમાં જન્મ લઈને બુદ્ધપદ પ્રાપ્ત
તે દ્વારા દેવમનુષ્યનો ઉદ્ધાર કરવો એ માટે અનેક
તેં તે દશે પારમિતાના [illegible] [illegible] કરી છે.
થવાનો સમય નજીક આવ્યો છે, માટે [illegible]
રમતા મનુષ્યલોકના દુઃખ ભોગવવાને તૈયાર થા!"

જગતમાં એમના કુળની ભારે પ્રતિષ્ઠા છે. તેથી આ ક
કુળમાં ઉત્તરનો જન્મ હોય મ્હારે માટે યોગ્ય છે. હવે ક
માને પેટે જન્મ લેવો એ ઠરાવવાની પંચાત રહી નહિ. શુદ્ધોદન
રાજાની રાણી શ્રી મ્હારી માતા થવાને યોગ્ય છે. મા
દેવોએ કરેલી વિનતિને માન આપવા મ્હારે હવે ઢી
કરવાનું કારણ રહ્યું નથી.

બોધિસત્વે શાક્ય કુળમાં શુદ્ધોદન રાજાની પત્ની
પેટે જન્મ લેવાનો પોતાનો નિશ્ચય દેવોને જણાવ્યો. હ દેવોન
આયુષ્યમર્યાદા પૂરી થઈ હતી તેમજ પણ બુદ્ધના જિ
થવાની અવધિ હતી. ન હોત એવા વિચારથી મધ્યદેશમ
જન્મ લેવાનો નિર્ધાર કર્યો.

અષાડી પૌર્ણિમા પહેલાં સાત દિવસ પર કપિલવસ્ત
નગરમાં એક મોટો ઉત્સવ શરૂ થયો. તે ઉત્સવ સાત દિવ
ચાલી પૌર્ણિમાને દિવસે સમાપ્ત થયો. માયાદેવી સાત દિવ
સુધી ચન્દનપુષ્પથી શરીર સુશોભિત અતિ આનન્દથી ઉત્સવ
ભાગ લેતી; પણ પોતાના નિયમને અનુસરીને તેણે દારૂ
કદાપિ સ્પર્શ કર્યો ન હતો. બીજાં ક્ષત્રિય સ્ત્રીપુરુષો એ કાળ
રિવાજ મુજબ એ ઉત્સવમાં મદ્યપાન કરતા, પણ માયાદે
સર્વ પ્રકારના માદક પદાર્થોથી અલિપ્ત રહેતી.

એક વરસ આ પૌર્ણિમાને દિવસે માયાદેવીએ આય
ખાણાં વગેરે અનાથ ગરીબોને અને શ્રમણ-બ્રાહ્મણ
પુષ્કળ દાન દીધું અને રાત્રિ થવા વખત ધર્મોપદેશમાં આ

આવને માટે તેના અન્તઃકરણમાં પહેલેથી જ દયા ભરેલી હતી. બોધિસત્વ ગર્ભમાં આવ્યા ત્યારથી તેર એ દયા વૃદ્ધિ જ પામતી ગઈ. માયાદેવીના મનમાંથી વિષયવાસના નિર્મૂળ થઈ ગઈ. શુદ્ધોદન રાજા પર તેને પહેલા જ પ્રેમ હતો, અને તે આ સ્થિતિમાં ખુબ વધ્યો, પરન્તુ પહેલા એ પ્રેમમાં વિષયવાસના ભરેલી હતી તે આ અત્યંત પ્રેમમા રહી નહિ. આ પ્રમાણે માયાદેવીને નવ માસ પુરા થયા.

એક દિવસ માયાદેવીએ શુદ્ધોદન રાજાને કહ્યું, "મહારાજ, મને પિયર જવાનું મન થયું છે. માટે મને ત્યાંઈ મારી માને ઘેર મોકલવાની વ્યવસ્થા કરો.'

શુદ્ધોદન રાજાએ આ નવ મહિનામાં પોતાની સ્ત્રીનું મન કદી પણ દુભાવ્યું નહોતું. તેના કહેવા પ્રમાણે વર્તવાને તે નિરંતર તત્પર રહેતો. તેણે તરતજ એક હજાર માણસનું લશ્કર સાથે આપીને દેવદહ નગરમાં માયાદેવીના પિતા રહેતો હતો ત્યા એને મોકલવાની વ્યવસ્થા કરી. કપિલવસ્તુથી માંડીને દેવદહ સુધીનો આખો રસ્તો શણગાર કરાવીને માયાદેવીને એક સુન્દર પાલખીમાં બેસાડી રવાના કરવામા આવી.

કપિલવસ્તુ અને દેવદહ એ બે શહેરની વચ્ચે લુમ્બિની નામનુ એક સુન્દર ઉદ્યાન હતું. કપિલવસ્તુના શાક્ય અને દેવદહના કોલિય એમણે પોતાની સરહદ પર જનોના વિહાર માટે આ ઉદ્યાન તૈયાર કર્યું હતું. માયાદેવી કપિલવસ્તુથી નીકળી આ ઉદ્યાન પાસે આવી ત્યા તેને ઉદ્યાનમાં થોડો વખત વિસામો લેવાની ફરક ઇચ્છા થઈ આવી. તેના

થઈ ગયું; આકાશાદિ દિવ્ય પશુઓએ પોતાની ક્રીડા તજી દીધી; એ રીતે બીજા પણ પુષ્કળ ચમત્કાર થયા!

શુદ્ધોદન રાજાને પુત્રજન્મની ખબર મળતાં જ તેણે મોટા ઠાઠમાઠથી માયાદેવીને પુત્ર સહિત કપિલવસ્તુમાં આણી.

તે વેળા કપિલવસ્તુની પાસેના અરણ્યમાં અસિત દેવલ નામના ઋષિ રહેતા હતા. તેમણે અન્તરિક્ષમાં ધજાપતાકા વગેરે બાંધી દેવો મોટો ઉત્સવ કરે છે એમ જોયું. તેમણે દેવોને કહ્યું, “હે દેવો, આજ તમે આવડો મોટો ઉત્સવ કરો છો એનું કારણ શું? અસુરો પરાજય પામ્યા અને તમારો વિજય થયો તે વેળા પણ તમે આવો ઉત્સવ તો નહોતો કર્યો!”

દેવોએ કહ્યું, “તું આટલો નજીક છે છતાં શુદ્ધોદન રાજાને પુત્ર થયો છે એની તને ખબર નથી પડી શું? શુદ્ધોદનનો આ પુત્ર જગતનો ઉદ્ધાર કરનાર બુદ્ધ થવાનો છે અને તેથી જ આજ અમે અતિ આનન્દથી ઉત્સવ કરીએ છીએ!”

દેવોનાં આ વચન સાંભળી અસિત ઋષિ અન્તરિક્ષમાંથી શુદ્ધોદન રાજાના મહેલમાં ઉતર્યા અને ત્યાં ભેગા થએલા શાક્યોને કહેવા લાગ્યા, “શુદ્ધોદન રાજાના પુત્રને જોવાની મારી ઇચ્છા છે.’

અસિતે સર્વલક્ષણસંપન્ન એવા આ બાળકને જોયો ત્યારે તેની આંખમાંથી એકસરખી અશ્રુધારા વહેવા લાગી. તે જોઈને શાક્ય લોકો અજબ પામ્યા. તેઓ બોલ્યા, “હે ઋષિશ્રેષ્ઠ, આ અમારા રાજાના પુત્રને જોતાં નયનમાંથી

નામકરણને દિવસે, શુદ્ધોદને પુત્રલાભથી પોતાના મનોરથ પૂરા થયા એમ કરીને પુત્રનું નામ સિદ્ધાર્થ પાડ્યું.

સિદ્ધાર્થ સાત દિવસનો થયો એટલામાં જ માયાદેવીનો પરલોકવાસ થયો! એટલે તેનો સઘળો ભાર તેની સાવકી માતા અને માસી મહાપ્રજાપતી ગૌતમી પર પડ્યો. ગૌતમીએ સિદ્ધાર્થને પોતાના દીકરાથી પણ અધિક લાડ લડાવ્યા. સિદ્ધાર્થ તેને પ્રાણપ્રિય આટલો વહાલો થઈ પડ્યો.

કપિલવસ્તુમાં પ્રતિવર્ષ વપ્રમંગલ (ખેતર ખેડવાનો ઉત્સવ) થતો હતો. તે દિવસે શાક્યરાજન પોતે ખેતર ખેડતો. શુદ્ધોદન રાજા સિદ્ધાર્થને સાથે લઈને મોટી ધામધૂમથી ઉત્સવને દિવસે ખેતરમાં ગયો. સિદ્ધાર્થને એક જાંબુના ઝાડ તળે બેસાડીને અને તેની રક્ષા માટે દાસીઓને રાખીને શુદ્ધોદન પોતાની પ્રજાની સાથે ખેતર ખેડવાના કામમાં ગૂંથાયો. અહીંઆ પેલી દાસીઓ સિદ્ધાર્થને સુંદર બિછાના પર સુવાડીને ઉત્સવ જોવા માટે ત્યાંથી ખસી ગઈ. ઉત્સવની જગાએ સંખ્યાબંધ ફેરીવાળા પોતાનો માલ લઈને વેચવા માટે ફરતા હતા. કેટલાક દુકાનદારોએ વસ્તુ રાખીને એટલા વખત પૂરતી દુકાનો ખોલી હતી. સિદ્ધાર્થની દાસીઓ આ દુકાનથી તે દુકાને ફરતી ફરતી અને જે તે નવીન વસ્તુ જોતી તેની લેતી હતી. તેમને સિદ્ધાર્થની યાદ ન રહી. સિદ્ધાર્થ એકલો અને પાસે કોઈ નથી એમ જોઈને પદ્માસન વાળી ધ્યાન લગાવીને બેઠો.

એ વખત દરસાર ઉત્સવમાં ગૂંથાયા પછી એક દાસીને સિદ્ધાર્થ યાદ આવ્યો. તે દોડતી દોડતી પેલા જાંબુના પાસે

[illegible]

[illegible] સિદ્ધાર્થ [illegible]

[illegible]

સિદ્ધાર્થ [illegible] ધનુર્વિદ્યાના નિપુણ [illegible]

[illegible] ધનુર્વિદ્યાના [illegible] કે માટે તે [illegible] નિપુણ [illegible] તેમનું [illegible]

(૨)

મહાભિનિષ્ક્રમણ

કેટલાક દિવસ પછી શુદ્ધોદન રાજાએ યશોધરા નામની રૂપવતી કન્યા સાથે સિદ્ધાર્થનું લગ્ન કર્યું. સિદ્ધાર્થને યશોધરા ઉપર અગાધ પ્રેમ હતો. તેને સાથે રાખીને પોતાને માટે બાંધેલા રાજમહેલમાં સિદ્ધાર્થે બારે આનન્દથી યૌવનના દિવસ ગાળ્યા. પણ તેના ૨૯ મા વર્ષે તેને પિતાની રાજધાની જોવાનું અને ઉદ્યાનમાં ફરી આવવાનું મન થઈ આવ્યું.

સિદ્ધાર્થ ઉદ્યાનમાં ફરવા જવાનો છે એ ખબર શુદ્ધોદન રાજાને મળતાં વેંત તેણે રસ્તા વગેરે સાફસૂફ કરાવ્યા અને આંધળા, પાંગળા, ઘરડા વગેરે દુર્બળ લોકોએ તે દિવસે રસ્તા પર ફરવું નહિ એવો હુકમ કર્યો. પણ સિદ્ધાર્થ રથમાં બેસી ઉદ્યાન બાજુ જતો હતો ત્યાં રસ્તામાં ઘડપણથી વાંકો વળી ગએલો એક માણસ તેના જોવામાં આવ્યો. તેને જોઈને સિદ્ધાર્થે પોતાના છન્ન નામના સારથીને પૂછ્યું, "છન્ન, આ જે સામે પ્રાણી જાય છે તે મનુષ્ય છે કે કોણ છે? એ મનુષ્ય જેવું તો દેખાય છે, પણ મેં જોયેલાં માણસ કરતાં આની સ્થિતિ સાવ જુદી જ છે. એના વાળ ધોળા થઈ ગયા છે. દાંત તો બિલકુલ છે જ નહિ; ટાંગા ઢીલા પડી ગયા છે; હાથમાં લાકડી લઈને કાંપતો કાંપતો ચાલે છે; અને એની પીઠ તો છેક જ વાંકી વળી ગઈ છે!"

કામ સિદ્ધાર્થ પર રોજેરોજ રાખતા પહેરા મૂક્યા અને સિદ્ધાર્થના મહેલમાં જે વારાંગનાઓ રાખવામાં આવી હતી તેમની સંખ્યામાં વધારો કર્યો. છતાં રાજાના પ્રયત્નની સિદ્ધાર્થના મન પર લેશ પણ અસર ન થઈ. તેની આંખ આગળ પેલા વૃદ્ધ મનુષ્યને રૂપે મૂર્તિમન્ત જરા ઉભી રહેવા લાગી.

ફરી એક દિવસ તે ઉદ્યાનમાં ફરવા નીકળ્યો ત્યા વાટમાં તેને એક રોગી માણસ મળ્યો. તેને જોઈ સિદ્ધાર્થે છન્ન સારથિને પૂછ્યું. "આ માણસ કોણ છે ? એને વૃદ્ધ કહીએ તો એના વાળ ધોળા થયા નથી કે એના દાંત પણ પડ્યા નથી ' છતાં આ તો પેલા વૃદ્ધ મનુષ્ય કરતાં યે અધિક અશક્ત દેખાય છે !"

છન્ન બોલ્યો, "આર્યપુત્ર ' વ્યાધિ કહે છે તે આ ' આપણને આજ આપણે ભગવાન છીએ એમ લાગે છે, પરંતુ આવું એવા વ્યાધિના ઝપાટાથી આપણું શરીર ક્યારે નાશ પામશે એનો નિયમ નથી. બે દિવસ પહેલાં આ માણસ જોરાવર હતો. પણ આજ રોગે તેની શી સ્થિતિ કરી છે તે જુઓ. મનુષ્ય પ્રાણીનું બળ કેટલું ચંચળ છે !"

બોધિસત્વ બોલ્યો, "છન્ન, મ્હારો રથ અહીંથી જ પાછો ફેરવ. આજ સુધી આરોગ્યના મદથી હું મસ્ત થયો હતો, પણ હવે એ મદ રહ્યો નથી. હવે મ્હને ઉજાણીની હોંશ રહી નથી."

સિદ્ધાર્થની આજ્ઞા પ્રમાણે છન્ને ત્યાંથી જ રથ પાછો વાળ્યો. પણ રાજાને આ ખબર પહોંચી ત્યારે તેના મનને અત્યંત ક્ષોભ થયો.

તે જ પ્રમાણે રોગી માણસને જોઈ મ્હારું ચિત્ત અસ્વસ્થ થયું ત્યારે મ્હારા મિત્રો મ્હારી મજાક કરવા લાગ્યા. હવે જ્યારે હું તેમને પેલા મૃત મનુષ્યની વાત કહીશ ત્યારે ફરી એકવાર તેઓ મ્હારી મશ્કરી કરશે! જરા, વ્યાધિ અને મરણ એ ત્રણ અવસ્થાઓનું અવલોકન કરવાનું એમનામાં જાણે સામર્થ્ય જ રહ્યું નથી' પણ આ જરાનો વિચાર કરવાથી માણસનો તારુણ્યમદ નષ્ટ થાય છે; વ્યાધિના વિચારથી બળમદ નીકળી જાય છે; અને મૃત્યુના ચિન્તનથી આયુષ્યમદ નિર્મૂળ થાય છે. આ ત્રણે મદ નષ્ટ થયા પછી આ પ્રપંચમાં માણસને રસ શાનો પડે? પ્રપંચી માણસો સુકાએલા ખાબોચીઆમાની માછલીની જેમ તૃષ્ણાથી તરફડે છે. છતાં આ ત્રણ મદને લીધે તેઓ આળસમાં રહ્યા કરે છે' એકબીજાની ઇર્ષા કરે છે! એકબીજાનો વિરોધ કરે છે' પણ મ્હારા એ મદ નિર્મૂળ થયા હોવાથી હું હવે આ ક્લેશપૂર્ણ પ્રપંચમાં રહેવાને યોગ્ય રહ્યો નથી; અને પ્રપંચનો ભય લાગે છે!"

રાજમહેલમાંના સર્વ સુખો પરથી રાજપુત્રનું મન ઉઠી ગયું. ફરી એકવાર તે ઉદ્યાનમાં જવાને નીકળ્યો. ઉદ્યાનમાં એક ઝાડ નીચે બેઠેલા એક કાષાયવસ્ત્રધારી ભિક્ષુ એની નજરે પડ્યો. ભિક્ષુને જોઈ સિદ્ધાર્થે સારથિને પૂછ્યું, "છન્ન, આ માણસ કોણ છે? એણે કાષાયવસ્ત્ર ધારણ કર્યાં છે, છતાં એની મુખમુદ્રા અતિ ગંભીર દેખાય છે!"

છન્ને જવાબ દીધો, "આર્યપુત્ર, એને શ્રમણ અથવા ભિક્ષુ કહે છે. એણે પ્રપંચનો ત્યાગ કર્યો છે. પ્રાપંચિક

જ પી શકવાનો પ્રયત્ન મારે કરવો જોઈએ. આ કુમારીએ મને અને આત્મિક સુખનું સ્મરણ કરાવ્યું હોવાથી તે મારે ગુરુસ્થાને છે. માટે એને કંઈ ગુરુદક્ષિણા દેવી જોઈએ.'

આવો વિચાર કરી પોતાના ગળામાંનો મોતીનો હાર કાઢી સિદ્ધાર્થે ગૌતમીને મોકલ્યો. સિદ્ધાર્થનું ચિત્ત મારા પર ચોંટ્યું હશે એમ ધારી કૃશાગૌતમીને ખૂબ હરખ થયો.

સિદ્ધાર્થ મહેલમાં આવ્યા ત્યાં જ એને ખબર મળી કે યશોધરાદેવીએ પુત્રને જન્મ આપ્યો છે. તે મોઢેથી બોલી ઊઠ્યા, "આ રાહુ પેદા થયો!"

રાજપુત્રના મહેલમાંના દૂતોએ તત્કાળ શુદ્ધોદન રાજા આગળ યશોધરાને પુત્રપ્રસવ થયાની વધામણી આપી. રાજાએ તેમને પૂછ્યું, "મારો પુત્ર પુત્રજન્મની વધામણી સાંભળીને શું બોલ્યો?"

દૂતો બોલ્યા, "મહારાજ, બીજું ન કહેતાં યુવરાજ એટલું જ બોલ્યા કે 'આ બંધન આવ્યું; આ રાહુ પેદા થયો.'"

રાજા હર્ષે ભરાઈને બોલ્યો, "મારા પૌત્રનું નામ રાહુલ જ પાડો. સિદ્ધાર્થને આ બંધન વળગ્યું એટલે હવે તેનાથી ગૃહત્યાગ નથી થઈ શકવાનો. હજારો પહેરેગીરો કરતાં કે લોહશૃંખલા કરતાં પણ આ પુત્રબંધન અધિક સુદૃઢ છે એનો અમને અનુભવ છે.'"

રાજાએ એ દૂતોને વધામણી આપવા માટે મોટી મોટી બક્ષિસો આપી અને મહેલમાં મોટો ઉત્સવ કર્યો. કપિલ-

અનિમિષપણે સૂતેલી નર્તકીઓ ભણી એકવાર નજર ફેંકી. તેમની કેટલીક ઊંઘમાં બબડતી હતી; કેટલીના મોંમાથી લાળ વહેતી હતી; કેટલીક દાંત કચકચતી હતી; કેટલીનાં વસ્ત્ર ઠેકાણે ન હતું અને તેઓ અસ્તવ્યસ્ત પડી હતી. સિદ્ધાર્થ મનમાં કહેવા લાગ્યો, "આ નર્તકીઓ થોડા વખત પહેલાં ગાયન, વાદન, નૃત્ય અને નાના પ્રકારના હાવભાવ કરીને જાણે કોઈ દેવલોકની અપ્સરાઓ જ હોય એમ મને દેખાતી હતી; પણ આ ખાલી ભાસ હતો! હવે એમનું ખરું સ્વરૂપ જણાઈ આવે છે. નિદ્રા એ આ કોઈનું નાનુંસરખું મૃત્યુ જ છે. અ
સ્થિતિમાં મનુષ્યના મરણ પછી શી ગતિ થવાની છે એ
અનુમાન થઈ શકે છે. હે સૌન્દર્ય, તું હવે મને ભુલા
નાખી શકનાર નથી! તું કેટલું ક્ષણભંગુર છે, કેટલું ન
છે એની મને [illegible]માંથી કલ્પના આવી ગઈ છે!"

સિદ્ધાર્થ પલંગ પરથી ઊઠ્યો અને ઊંચો દરવાજ
ગયો. ત્યાં તેનો વિશ્વાસુ નોકર છન્ન ઉમરા પર ટેક દ
સૂતો હતો. સિદ્ધાર્થે, 'કોણ છે એ' એમ મોટેથી
મારતા છન્ન જાગી ઊઠ્યો અને બોલ્યો, "આર્યપુત્ર, એ
હું આપનો સેવક છન્ન છું."

સિદ્ધાર્થે કહ્યું, "મારા માનીતા છન્ન! આ
રાતે મારૂં એક કામ કરવું પડશે. હમણાં ને હ
ઘોડારમાં જઈને તું મારે માટે એક ઘોડો સજ્જ કરી
... રાતે પોતાના માલીક ક્યાં જવા ઇચ્છે છે વ

સિદ્ધાર્થ બોલતો હતો ત્યાં છન્નની આંખોમાંથી બોરબોર આંસુ વહે જતાં હતાં. તે મોટેથી નીસાસો નાખીને બોલ્યો, “ આર્યપુત્ર, આજ સુધી મેં આપનો બોલ પડતા પહેલાં ઝીલી લીધો છે એ ખરું; પણ આપનો ને મ્હારો વિયોગ થવાનો પ્રસંગ જ કદીયે આવ્યો નહોતો. આપ મ્હારી સાથે હો તો ગમે તે કામ કરતાં મને કશાનો ડર લાગતો નથી. પણ આજ આપ મ્હારાથી કાયમના છૂટા પડવા માગો છો, તથા મ્હારો આત્મા જાણે આ મ્હારા જડ દેહ રૂપી ખોળિયાને છોડી ચાલ્યો જતો હોય એવી મ્હારી સ્થિતિ થઈ છે. રાજપુત્ર' મ્હારી આપને એ જ વિનંતિ છે કે આપ મને આપનાથી વિખૂટો પાડશો મા. ”

સિદ્ધાર્થે કહ્યું, “ છન્ન, તારી સ્વામિભક્તિ પ્રશંસાને પાત્ર છે. પણ દુનિયાદારીનો તને હજુ પૂરો ખ્યાલ આવ્યો નથી. હું અને તું ભેગા રહીશું તોપણ છેવટે મૃત્યુ તો આપણને વિખૂટા પાડવાનું જ છે. અને નિર્દય મૃત્યુની દાઢમાંથી છૂટેલો હોય એવો માણસ કોણ છે? માદીકરાનો, પિતાપુત્રનો, પતિપત્નીનો, મિત્રમિત્રનો અને સગાંસગાંનો વિયોગ પાડતાં મૃત્યુ કદી બે આગુંપાછું જોતું નથી. તો આ કોઈને કોઈ કાળે થવાનો વિયોગ આજ જ થાય તો તેમાં તું આટલો બધો દિલગીરી શાને કરે છે? અને બીજું એમ છે કે આ મ્હારો વિયોગ એ કંઈ કાયમનો નથી. મને સદ્બોધ થશે—અને થશે એવી મને પૂરેપૂરી આશા છે—તો મ્હારો અને તારો ફરીથી મેળાપ થવાનો જ છે. માટે શોક તજી દઈને તું મ્હારા … જા. ”

(૩)

તપશ્ચર્યા

સિદ્ધાર્થે પોતાનો રાજવેશ છોડી ભિક્ષુવેશ ધારણ કર્યો અને પગે મુસાફરી કરીને એક અઠવાડિયામાં રાજગૃહ જઈ પહોંચ્યો. તેણે રસ્તામાં શી રીતે નિર્વાહ કર્યો એ વાત ગ્રંથોમાં કહેલી નથી; જંગલમાં મળે એવા ફળમૂળ પર તેણે ગુજારો કર્યો હશે એવું અનુમાન છે. પણ સિદ્ધાર્થ રાજગૃહમાં આવ્યો ત્યાં નિર્વાહનું બીજું સાધન ન હોવાથી તેને શહેરમાં ભિક્ષા માગવા જવું પડ્યું. ભિક્ષાપાત્ર લઈને પ્રસન્ન મુખમુદ્રાથી રાજગૃહના રસ્તાઓ પર તેને ચાલતો જોઈને રાજગૃહવાસી નાગરિકો ચકિત થઈ ગયા. રાજગૃહની આસપાસ અનેક શ્રમણો રહેતા હતા. પણ અત્યારસુધીમાં આવેલા સિદ્ધાર્થ જેવો તેજસ્વી પુરુષ એમનામાં કોઈ જ દેખાયો નહોતો. સિદ્ધાર્થને આવતો જોતાં જ ઘેરઘેરથી સ્ત્રીઓ બહાર આવી યથાશક્તિ રાંધેલું અન્ન તેના પાત્રમાં મૂકવા લાગી. ઘડીવારમાં તો સિદ્ધાર્થનું પાત્ર નાનાપ્રકારના અન્નથી ભરાઈ ગયું. એ પાત્રને લઈ નગરમાંથી કાશી રાજમહેલ આગળ થઈ સિદ્ધાર્થ પાંડવ પર્વત ભણી વળ્યો.

મગધ દેશનો રાજા બિંબિસાર મહેલની અગાસીએ ઊભો હતો. સિદ્ધાર્થને રસ્તા પરથી જતો જોઈ તેણે તેના નોકરોને કહ્યું, " આ વિલક્ષણ પુરુષ કોણ છે ? એના ચહેરાની કાન્તિ ... ઉચ્ચ કુળમાં જન્મ્યો હોવો જોઈએ એમ સ્પષ્ટ

આ પ્રમાણે પોતાના મનને બોધ દઈને સિદ્ધાર્થે ભારે સંયમથી ભિક્ષાનું અન્ન ખાવાની શરૂઆત કરી. એટલામાં બિંબિસાર રાજાએ મોકલેલા ચાર દૂત સિદ્ધાર્થ બેઠો હતો ત્યાં આવ્યા. એમાંથી એક જણે તાબડતોબ રાજાને ખબર આપવાને પાછો દોડી પહોંચ્યો અને બિંબિસારને કહ્યું, "મહારાજ, આપે જે સાધુજનની ભાળ કાઢવા સારૂ અમને મોકલ્યા હતા તે પાંડવ પર્વતની તળેટીમાં આવેલી એક ટેકરીની છાયામાં બેઠો છે. સિંહના જેવી મુદ્રા જોઈને કોઈ પણ માણસના મનમાં એને વિષે આદરબુદ્ધિ ઉપજ્યા વિના રહે એમ નથી."

દૂતના આ શબ્દો સાંભળી બિંબિસારે પોતાનો રથ જોડાવ્યો અને તાબડતોબ પાંડવ પર્વતની તળેટીમાં જ્યાં સિદ્ધાર્થ બેઠો હતો તે ઠેકાણે પગે ચાલતો ગયો.

સિદ્ધાર્થે ભોજન કરવાનું જ પૂરૂં કર્યું હતું. ભિક્ષાપાત્ર ધોઈને એક બાજુએ રાખ્યા પછી વાળીને તે પોતાના આસન પર શાન્તપણે બેઠો હતો. બિંબિસાર તેની પાસે જ એક બાજુએ બેઠો અને બોલ્યો, "તારા ચહેરાની કાન્તિ પરથી તું ઉચ્ચ ક્ષત્રિયકુળમાં જન્મેલો હોવો જોઈએ એમ જણાય છે. પણ આટલી તરુણ વયમાં રાજ્યવૈભવનો ત્યાગ કરે શા માટે કર્યો હશે એનું અનુમાન હું કરી શકતો નથી. તું ક્યા કુળમાં જન્મ્યો છે અને અહીં કેમ આવ્યો છે એ જાણવાની ઇચ્છાથી હું અહીં આવ્યો છું. તું મને તે જણાવે તો તેના [illegible]
[illegible] સ્થાપવાનો મેં વિચ[illegible]

આળારકાલામ એ મોટો નામાંકિત તપસ્વી હતો અને રાજગૃહ પાસે એક આશ્રમમાં રહેતો હતો. યોગશાસ્ત્રમાં તે પારંગત છે એવી તેની ભારે ખ્યાતિ હતી. આ શાસ્ત્રના તત્ત્વો સમજી લેવાને તેની પાસે દૂરદૂરના પ્રાંતોમાંથી સંખ્યાબંધ સાધક લોક આવતા અને તેમાંના કેટલાક તેના શિષ્ય બની યોગાભ્યાસ કરવા માટે ત્યાં જ રહી જતા.

સિદ્ધાર્થે કાલામના આશ્રમમાં પ્રવેશ કર્યો ને વાત મોઢે આવક મળ્યા ત્યાં જાણ્યું હતું. હું કાલામના દર્શને આવ્યો છું એમ કહ્યું એટલે કેટલાક તપસ્વીઓ તેને કાલામ ઋષિની ઝૂંપડીમાં લઈ ગયા. કાલામ એક દર્ભાસન પર બેઠો હતો. સિદ્ધાર્થ તેને નમસ્કાર કરી એક બાજુએ બેઠા આસન પર બેઠો અને કાલામને પોતાનો પૂર્વ વૃત્તાન્ત નિવેદન કરી બોલ્યો: "કાલામ, આપના શિષ્ય બની મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરી લેવાની ઇચ્છાથી હું આપની પાસે આવ્યો છું."

કાલામ ઋષિના અનેક શિષ્યો હતા તેમાં આટલા મોટા રાજકુળમાં જન્મેલો એવો એક પણ શિષ્ય નહોતો. તેથી સિદ્ધાર્થ જેવાનું શિષ્યત્વ સ્વીકારવાને અહીં સુધી આવ્યો એ વિચારથી એના મનને આનંદ થયો હોય તો તેમાં નવાઈ જેવું નથી. તેણે સિદ્ધાર્થને કહ્યું, "મારા પંથમાં આવીને ઘણા લોકોનું સમાધાન થયું છે. તું ક્ષત્રિય કુળમાં જન્મ્યો હોવાથી ન સમજાય એ સર્વ પ્રકારનું શિક્ષણ તો મળ્યું હશે જ. તેથી તું મારો મત અંગીકાર કરીશ તો એનું રહસ્ય તને સમજાતાં વાર લાગવાની નથી."

—આકિંચન્યાયતન સમાધિની પ્રાપ્તિ થયા પછી મ્હારા ધર્મના સ્વરૂપનો તને સાક્ષાત્કાર થયો એમ કહી શકાશે."

સિદ્ધાર્થે ગુરુનો ઉપદેશ સાંભળી લઈ એકાન્તમાં ચિન્તન કરવાનો પ્રારંભ કર્યો. તેણે વિચાર કર્યો, મ્હારા આચાર્યે શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા એ પાંચ માનસિક શક્તિઓનું સમત્વ સાધવાનું મન કર્યું એ તો ઠીક છે; કેમકે વ્યવહારમાં પણ એ શક્તિઓનું સામ્ય હોવું બહુ જરૂરનું છે. આપણી શ્રદ્ધા જ જો વધતી જાય અને એની સાથે સાથે પ્રજ્ઞાની વૃદ્ધિ ન થાય તો આપણે ગમે તે વસ્તુ પર વિશ્વાસ રાખવા લાગીએ છીએ. કોઈએ કંઈ કહ્યું એટલે તે આપણને ખરું લાગે છે. એથી ઉલટું આપણી પ્રજ્ઞા વધતી જાય અને તેને શ્રદ્ધાનું બંધન ન હોય તો તે ઉચ્છૃંખલ થઈ જાય છે. તેને લીધે આપણે ધર્મથી [illegible] જઈએ છીએ અને [illegible] આ પડીએ છીએ. પણ પ્રજ્ઞાને લઈને શ્રદ્ધાની [illegible] છે. આ બંને માનસિક શક્તિઓનું સુખકારક પરિણામ નીપજે છે. તે જ પ્રમાણે વીર્ય (ઉત્સાહ) વધતું જાય અને એને સમાધિનું બંધન ન હોય તો તે ઉચ્છૃંખલ થઈ જાય છે. અતિશય ઉત્સાહને લીધે મનુષ્યને ભાન રહેતું નથી કે શું [illegible] એનું પણ ભાન રહેતું નથી. [illegible] એટલી સમાધિ પણ નુકસાનકારક છે. સમાધિની વૃદ્ધિ થતી જાય તો તો આળસ આવતું જાય અને એ [illegible] કરી શકે નહિ. પણ વીર્ય અને સમાધિ [illegible] હોય તો પરિણામ [illegible] એમ એ શક્તિની સમતા [illegible] સુન્દર આવે. સ્મૃતિનો ઉપયોગ સર્વત્ર કરવો પડે [illegible] મ્હારા ગુરુનું કહેવું બરાબર છે. [illegible] મુખ્ય પ્રયત્ન [illegible]

નો થવાની નથી. આ સમાધિથી કર્મનાનું કેટલોક વખત સુધી દમન કરી શકાશે, પણ એનો સમૂળો ક્ષય કરાતો નથી. મ્હારા આચાર્યે દર્શાવેલા આ માર્ગથી નિર્વાણનો માર્ગ ભિન્ન હોવો જોઈએ."

આમ વિચાર કરી સિદ્ધાર્થ કાલામ ઋષિનો આશ્રમ છોડી નીકળ્યા અને ઉદ્રક રામપુત્ર નામના બીજા એક પ્રખ્યાત તપસ્વી ઋષિને આશ્રમે ગયા.

ઉદ્રક ઋષિએ સિદ્ધાર્થની સારી પેઠે આગતાસ્વાગતા કરી. સિદ્ધાર્થે પોતાનો વૃત્તાન્ત કહ્યો ત્યારે આ રાજપુત્રે આટલા અલ્પ સમયમાં જ સાત પાયરીઓ ચડી લીધી એ જાણીને ઋષિ ચકિત થઈ ગયા. તેમણે કહ્યું, "હે રાજપુત્ર, મારી શિષ્યશાખામાં અનેક તપોવૃદ્ધ શ્રમણ છે; પણ આટલા થોડા વખતમાં સમાધિની સાત પાયરીઓ ચડેલો શિષ્ય મ્હને એક પણ મળ્યો નથી! તું ક્ષત્રિય કુળમાં જન્મેલો હોવાથી તારી આગલી ઉંમર સુખચેનમાં ગઈ છે. તેમ છતાં, અમને તપસ્વીઓને જે વસ્તુઓ ભારે કષ્ટથી સાધ્ય થાય છે તે તેં વગર મ્હેનતે સાધ્ય કરી એ વાતનું જેટલું કૌતુક કરીએ એટલું ઓછું છે! તારા પ્રજ્ઞાદિક ગુણોથી અને તપશ્ચર્યાથી તું આશ્રમને શોભા આપીશ એમાં મ્હને શંકા નથી. હવે તને શીખવવાની એવી એક જ સમાધિ બાકી રહી છે. કાલામે તને જે સાત પાયરીઓ શીખવાડી તેની આગળ બીજી એક પાયરી છે. તેને અમે નૈવસંજ્ઞાનાસંજ્ઞાયતન સમાધિ કહીએ છીએ. આ સમાધિમાં યોગી તલ્લીન થાય એટલે તેના મનમાંથી

પ્રદેશ અત્યન્ત રમણીય હતો. નૈરંજના નદી આ જ પ્રદેશમાં થઈને વહેતી હતી અને થોડે થોડે અન્તરે આ નદીને કાંઠે ગામ વસેલાં હતાં. આ રમ્ય પ્રદેશની વનશ્રી જોઈને બોધિસત્ત્વનું હૃદય ખેંચાઈ ગયું. ને બોલ્યો, " આવો પ્રદેશ મ્હારા જોવામાં ક્વચિત જ આવ્યો હશે. શી આ વનશ્રી ! આ મંદમંદ વહેતી નદી તો જાણે મ્હને પ્રેરણા જ દઈ રહી છે. અહીંના લોકોએ આ વન તોડી આ પ્રદેશ ઉજ્જડ કર્યો નથી એ એક તપસ્વિજનનું ભાગ્ય સમજવું જોઈએ. "

બોધિસત્ત્વે આ જ પ્રદેશમાં પોતાની તપશ્ચર્યા આગળ ચલાવવાનો નિશ્ચય કર્યો. બીજા પણ અનેક તપસ્વીઓ મગધ દેશના આ અરણ્યભાગમાં તપશ્ચર્યા કરતા હતા. ઉરુવેલકાશ્યપ, ગયાકાશ્યપ અને નદીકાશ્યપ એ ત્રણ ભાઈઓ અહીંના તપસ્વિમંડળના મુખ્ય ગણાતા હતા. બીજા પણ કેટલાક સ્વતંત્રપણે યોગાભ્યાસ કરનારા તપસ્વીઓ આ અરણ્યમાં વસતા હતા.

સિદ્ધાર્થે પણ કોઈનું શિષ્યત્વ ન સ્વીકારતાં અહીંયાં સ્વતંત્રપણે યોગાભ્યાસની શરૂઆત કરી. સમાધિની આઠ પાયરીઓ તો તે વટાવી ગયો જ હતો. ત્યાં એથી પણ આગળ બીજી કંઈ નવી પાયરીઓ હોય તો જોવી એ ઈચ્છાથી તેણે કઠણ યોગાભ્યાસ આદર્યો. શ્વાસોચ્છ્વાસ રોકી કલાકના કલાક સુધી તે મૃતવત્ ધ્યાનસ્થ બેસતો. એને લીધે એના પેટમાં ભયંકર વેદના થતી અને આખું શરીર બળ્યું બળ્યું થઈ રહેતું. છતાં તેનો ઉત્સાહ જરાયે ઓછો પડ્યો નહિ અને જાગૃતિમાં ઉણપ આવી નહિ. પહેલાં તો આ તીવ્ર

ાગ્યો. એના દેહની અશક્તિની હવે હદ આવી ગઈ.
સળીઓ થઈ ગયા, બરડાની કરોડ સાફ દેખાવા લાગી,
ઘસેલા વાંસની પેઠે પાંસળીઓ હલવી ગઈ, પાણીમાં
ક્ષત્રોનાં પ્રતિબિંબ જેમ ઊંડાં ગએલાં દેખાય છે તેમ
ખોની કીકીઓ ઊંડી ઉતરી પડી, કાચું તોડ્યું કદ્દુ
તડકામાં નાખતાં જેમ કરમાઈ જાય છે તેમ તેની
ી સુન્દર અંગકાન્તિ છેક કરમાઇ ગઈ અને તેનાં પેટ
ઠ ચોંટીને એક થઈ ગયાં.

એક દિવસ સિદ્ધાર્થના મનમાં એવો વિચાર આવ્યો કે
જે હું અતિ તીવ્ર વેદના ભોગવું છું તેના કરતાં વધારે
દના કોઈ તપસ્વીએ નહિ વેઠી હોય! પણ આટલું દુઃખ
છતાં મ્હને પરમશાન્તિનો માર્ગ જડ્યો નથી. ત્યારે
પ્રયત્નમાં ભૂલ તો નહિ હોય? મેરુમંડળમાં ભૂલો પડેલ
ું જેમ આડી વાટે ચડી જાય છે તેવી જ મ્હારી સ્થિતિ
ઈ હોય એમ કેમ કહેવાય? નાનપણમાં મ્હારા પિતાની
ખેતરમાં ગયો હતો ત્યાં જાંબુના ઝાડની છાયામાં હું
બેઠો હતો એ મ્હને યાદ છે. તે વેળા હું દેહદંડન
નહોતો તેમ છતાં મ્હને સમાધિસુખ મળેલું. એટલે
ના મ્હારા દેહદંડનથી મ્હને કંઇ ફાયદો થાય એમ લાગતું
નાનપણમાં હું જે સમાધિસુખનો અનુભવ કરતો હતો
વાસનાની તૃપ્તિ કરવાથી મળેલું સુખ નહોતું કે બીજાના
રવાથી મળેલું સુખ નહોતું. ત્યારે એવું સુખ મ્હારે
જતું કરવું એ મ્હને સમજાતું નથી. આ તપશ્ચર્યાનો
માર્ગ છોડી હું એ સાદે માર્ગે કાં ન વળું? પણ મ્હારે

(૪)

માર સાથે યુદ્ધ

ઉરુવેલાના પ્રદેશમાં સેનાની નામનો એક જમીનદાર રહેતો હતો. તે જે ગામમાં રહેતો હતો તે ગામનું નામ સેનાની-ગામ પડ્યું હતું. એ જમીનદારને સુજાતા નામની એક રૂપવતી કન્યા હતી. મને યોગ્ય વર મળશે ને પહેલો પુત્ર જન્મશે તો દેવતાને દૂધની ખીરનું નૈવેદ્ય ધરાવી ઘણા ભાવથી તેની પૂજા કરીશ એવી સુજાતાએ કુમારી અવસ્થામાં પોતાના ગામની પાદરમાંની વનદેવતાની બાધા રાખી હતી.

સુજાતાનો મનોરથ પૂરો થયો હતો. તેને ઉત્તમ કુળનો સદ્ગુણી વર મળ્યો હતો અને એના સહવાસમાં કેટલોક કાળ ગયા પછી તેને એક દેખાવડો અને તેજસ્વી પુત્ર થયો હતો. સુજાતાની જેવી પતિ પર અપાર ભક્તિ હતી તેવો જ તેના પતિનો પણ તેના પર નિરતિશય પ્રેમ હતો અને એ પ્રેમ પુત્રલાભથી દ્વિગુણિત થયો હતો.

સુજાતા આ આનન્દના ઉત્સાહમાં પોતાની દેવતાને ભૂલી ન ગઈ. વૈશાખી પૂર્ણિમાને દિવસે પ્રભાતમાં તેણે દાસીને વનમાં જ્યાં ત્યાં પેલી દેવતા જે વડના ઝાડ પર રહેતી હતી તેની નીચેની જગા સાફસૂફ કરી પૂજાની તૈયારી કરવાની આજ્ઞા કરી અને પોતે જાતે દૂધની ઉત્તમ ખીર બનાવવાના ઉદ્યોગમાં પડી.

આરંભ્યો હતો. તેણે બોધિસત્વ ઉપર એકસામટો શસ્ત્રાસ્ત્રોનો વરસાદ વરસાવ્યો હતો. પણ એ સર્વ શસ્ત્રાસ્ત્રો ફુલ બની જઈ બોધિસત્વના પગ આગળ પડતાં !

જ્યારે મારને લાગ્યું કે પોતાની સેનાનો પરાજય થયો મનાય છે, ત્યારે તેણે પોતાની શક્તિ વડે એક ભયંકર તોફાન ઉઠાવ્યું. આસપાસનાં વૃક્ષો કડાકડ ઉખડી પડવા લાગ્યાં, આકાશ ધૂળના ગોટાથી ભરાઈ ગયું, પશુપક્ષીઓ એકસરખાં આક્રંદ પાડવા લાગ્યાં; પરંતુ બોધિસત્વની સમાધિમાં તલમાત્રનો વિક્ષેપ પડ્યો નહિ, એટલું જ નહિ પણ જે વૃક્ષ નીચે તે બેઠા હતા તે વૃક્ષનું એક પાન સુદ્ધાં હાલ્યું નહિ.

આ જોઈને મારને અતિશય સંક્ષોભ થયો. તેણે ભયંકર વર્ષા શરૂ કરી. જ્યાં ત્યાં પાણીના પૂર દેખાવા લાગ્યાં, પણ બોધિસત્વનું આસન કોરું જ રહ્યું, તથા તેમના અંગ પર પાણીનું એક ટીપું સુદ્ધાં અડક્યું નહિ. આથી તેમની સમાધિમાં કોઈ પણ જાતનો અંતરાય આવ્યો નહિ

ત્યાર પછી મારે પાષાણવૃષ્ટિ, અંગારવૃષ્ટિ તપેલી રાખની વૃષ્ટિ, તપેલી રેતીની વૃષ્ટિ અને તપેલા કાદવની વૃષ્ટિ, એમ અનુક્રમ જુદી જુદી છ વૃષ્ટિ ઉત્પન્ન કરી. પરંતુ તેનાથી સુદ્ધાં બોધિસત્વની સમાધિમાં અંતરાય આવ્યો નહિ

તે જોઈ માર અત્યંત ખિન્ન થયો. તથાપિ પ્રયત્ન ન છોડતાં છેવટે તેણે ભયાનક અંધકાર ઉત્પન્ન કર્યો. તે દિવસે વૈશાખ શુદ પૂર્ણિમાની રાત્રિ હતી. જ્યાં ત્યાં શુભ્ર ચાંદની છવાઈ ગઈ હતી; પરંતુ બોધિવૃક્ષની આસપાસ એવું એટલું ઘોર અંધારું પ્રસાર્યું કે મારના ગિરિમેખળ હાથી કે આસપાસના

બોધિસત્વે ઉત્તર આપ્યો: " હે માર, હારા સૈન્યને હું સારી રીતે ઓળખું છું. નાનાપ્રકારની વિલાસસામગ્રી એ હારા સૈન્યની પહેલી ટુકડી છે. હેની પાછળ જ અરિતિ, ભૂખ-તરસ, તૃષ્ણા, આળસ, કુશંકા, ગર્વ, કીર્તિની આશા, આત્મ-સ્તુતિ અને પરનિંદા એ સર્વ હારી ટુકડીઓ ચાલી આવે છે. સાધારણ તપસ્વીથી આમાંની એકાદ ટુકડીનો પરાભવ ન થાય એ સંભવિત છે, પરંતુ હું હારી આ સર્વ સેનાની કાંઇજ પરવા કરતો નથી. કાચી માટીનું વાસણ જેમ પથ્થર વડે સહજ ફૂટી જાય છે, તેમ મ્હારી પ્રજ્ઞાના બળથી હારી સેનાનો હું પરાભવ કરી શકીશ."

માર બોલ્યો: " એ બધું જવા દે. પણ તું જે આસન પર બેઠો છે, તે આસન મ્હારૂં છે. તેના પર બેસવાનો હને અધિકાર નથી; માટે હું હને કહું છું કે તું અહિંથી ઉઠી ત્વરા-પૂર્વ ચાલતો થા!"

બોધિસત્વ બોલ્યો: " માર! આ આસન હારૂં છે એનો શો પુરાવો હારી પાસે છે?"

સિદ્ધાર્થનો આ પ્રશ્ન સાંભળી મારસેનામાંથી ઘણા યોદ્ધા આગળ આવી " આ આસન મારનું છે; અમે એના સાક્ષી છીએ." એમ બોલી ઉઠ્યા. ત્યારે મારે બોધિસત્વને કહ્યું: " જો આ મ્હારો પુરાવો. આ સર્વ લોકો એ આસન મ્હારૂં હોવા બાબત સાક્ષી આપે છે. હવે એ આસન હારૂં છે એ બાબત પુરાવો રજુ કર; નહિ તો મૂંગો મૂંગો અહીંથી ચાલી નીકળ."

अनेकजातिसंसारं संधाविस्सं अनभिसं
गहकारकं गवेसन्तो दुक्खा जाति पुनप्पुनं।
गहकारक दिट्ठोऽसि 'पुन गेहं न काहसि
सब्बा ते फासुका भग्गा गहकूटं विसंखितं
विसंखारगतं चित्तं तण्हानं खयमज्झगा।*

---

* અનેક જન્મજન્માન્તરો સુધી આ સંસારમાં હું અવિરત રખડ્યો, અને ગૃહકારની શોધ કરતાં કરતાં વારંવાર દુઃખ પામ્યો. હે ગૃહકાર! આજે તું મને પ્રત્યક્ષ થયો છે. હવે ફરીથી ઘર કરીશ નહિ. તેના સર્વ પીઢીઆપાટીઆં ભાંગી ગયાં છે અને મોભ તૂટી ગયા છે. મારું ચિત્ત નિર્વાણ પામ્યું છે અને તૃષ્ણાનો ક્ષય થયો છે.

ઉપર કહ્યા પ્રમાણે દુઃખનો ઉદય અને નિરોધ કેમ થાય છે એ જ્યારે સિદ્ધાર્થને સમજાયું ત્યારે તે બુદ્ધ થયો. પોતાની જ્ઞાનદૃષ્ટિ વડે ચાર આર્યસત્યો અને તદંતર્ગત આર્યઅષ્ટાંગિક માર્ગ તેણે જોયા. મનુષ્યપ્રાણીનું હિતાહિત શામાં છે એનું હવે તેને સ્પષ્ટ જ્ઞાન થયું. ત્યારે તે પોતાના મનમાં બોલી ઉઠ્યો કે "ધ્યાનસ્થ બ્રાહ્મણને બારે પ્રયત્નથી જ્યારે સદ્ધર્મનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેની સર્વ કુશંકા લય પામે છે, કેમકે કાર્યકારણપરંપરાનું સ્પષ્ટ જ્ઞાન તેને થયું હોય છે."

રાત્રિના બીજા પ્રહરમાં બુદ્ધે પ્રતીત્યસમુત્પાદનું પુનઃ સમાલોચન કર્યું. દુઃખનો ઉદય અને નિરોધ કેમ થાય છે એનો ઠીક વિચાર કરી ને બોલ્યો· "ધ્યાનસ્થ બ્રાહ્મણને બારે પ્રયત્નથી જ્યારે સદ્ધર્મનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેની સર્વ કુશંકા લય પામે છે, કેમકે દુઃખના કારણોનો નિરોધ કેમ કરવો તે એ જાણે છે."

વળી, રાત્રિના ત્રીજા પ્રહરમાં બુદ્ધે પ્રતીત્યસમુત્પાદનું પુનઃ સમાલોચન કરી ઉદ્ગાર કાઢ્યા કે "ધ્યાનસ્થ બ્રાહ્મણને બારે પ્રયત્નથી જ્યારે સદ્ધર્મનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તેની સર્વ કુશંકા લય પામે છે, અને અંતરીક્ષમાં પ્રકાશનાર સૂર્ય પ્રમાણે મારસેનાનો વિધ્વંસ કરી ને પ્રકાશિત થાય છે."

બુદ્ધ પોતાના આસન ઉપર સાત દિવસ સુધી વિમુક્તિસુખનો અનુભવ લેતો ધ્યાનસ્થ બેઠો. આઠમે દિવસે તે આસન પરથી ઉઠી અજપાલ ન્યગ્રોધ નીચે ગયો, અને ત્યાંયે તે સાત દિવસ સુધી વિમુક્તિસુખનો અનુભવ લેતો ધ્યાનસ્થ બેઠો.

ત્યાર પછી બુદ્ધ મુચિલિંદ વૃક્ષ નીચેથી રાજાયતન-વૃક્ષ નીચે ગયો અને ત્યાં વિમુક્તિસુખનો અનુભવ લેતો બેઠો. તે વખતે તપુસ્સ અને ભલ્લિક નામના બે વ્યાપારી ઉત્કલ દેશથી તે માર્ગે વ્યાપાર કરવા માટે જતા હતા, તેમનાં સગાંવ્હાલાંઓએ તેમને બુદ્ધગુરુ નજીકમાં હોવાના સમાચાર જણાવ્યા. ત્યારે તે બુદ્ધના દર્શને આવ્યા અને તેની તે વખતની ગંભીર મુદ્રા જોઈ તે દિવસથી તેના શિષ્ય થયા. બુદ્ધના ઉપાસકોમાં (ગૃહસ્થ શિષ્યોમાં) આ જ બે પહેલા ઉપાસક હતા.

એક અઠવાડીયા પછી બુદ્ધ ન્યગ્રોધવૃક્ષ નીચે જઈ બેઠો. ત્યાં તેના મનમાં એવો વિચાર આવ્યો કે "મ્હને જે ધર્મજ્ઞાન પ્રાપ્ત થયું છે તેનો બોધ જગતના પ્રપંચમાં રચ્યાપચ્યા રહેલા જનોને થવો શક્ય નથી. હું જો ધર્મનો ઉપદેશ કરીશ અને જો લોકોને મ્હારા ધર્મનું જ્ઞાન સ્પષ્ટ રીતે થશે નહિ, તો મ્હને વિનાકારણ ત્રાસ માત્ર થશે! તો હવે ધર્મોપદેશની ખટપટમાં ન પડતાં એકાંતમાં જ કાલક્રમણ કરવું એ જ સારું છે."

બુદ્ધનો આ માનસિક વિચાર તત્ક્ષણ જ બ્રહ્મદેવે જાણ્યો અને તે મ્હોટેથી બોલી ઉઠ્યા કે "અરેરે! જગતને મ્હોટી હાનિ થાય છે! સમ્યક્સંબુદ્ધનું મન ધર્મોપદેશ બાજુ ન વળતાં એકાન્તવાસના સુખ બાજુ વળે છે!"

ત્યારે બ્રહ્મદેવ તુરત જ બ્રહ્મલોકમાં અંતર્ધાન પામી બુદ્ધ સમક્ષ પ્રકટ થયા અને બુદ્ધની આગળ હાથ જોડી બોલ્યાઃ

કરીને તું પેટ ખાઉંશ પડ્યો, તો તને આત્માનુભવ ધર્મનું જ્ઞાન
કેવી રીતે થઈ શકે ?"

બુદ્ધ બોલ્યા: "ભિક્ષુઓ ! મેં આ પૂર્વે આવા પ્રકારના
ઉદ્ગાર કદી કાઢ્યા હતા ખરા કે ?"

"ના" તપસ્વીઓએ ઉત્તર આપ્યો.

"તો પછી હું જે કાંઈ કહું છું તેના પર તમારો વિશ્વાસ
બેસવો જોઈએ. તમે એક વાર નિષ્પૂર્વક મારો ઉપદેશ
સાંભળો જુઓ. આ ધર્મ પ્રમાણે જો તમે વર્તશો તો તમારું
અભ્યર્થ સાર્થક થશે !"

ધીરે ધીરે તે પાંચ તપસ્વીઓનો વિશ્વાસ બુદ્ધના ઉપદેશ
પર બેઠો અને તેઓ તેમનો ઉપદેશ સાંભળવા તૈયાર થયા.

ત્યારે બુદ્ધે તેમને કહ્યું. "ભિક્ષુઓ ! કામોપભોગમાં
સુખ માનવું એ એક સિદ્ધાન્ત છે; પણ એ હીન, ગ્રામ્ય,
અજ્ઞજનસેવિત અનાર્ય અને અનર્થકર છે. દેહદંડન કરવું એ
બીજો સિદ્ધાન્ત છે. આ પણ દુઃખકારક, અનાર્ય અને અનર્થ-
કર છે. તપસ્વીઓએ આ બંને સિદ્ધાન્તોનું સેવન કરવું નહિ.
તથાગતે આ બેની વચમાનો મધ્યમ માર્ગ શોધી કાઢ્યો છે.

"ભિક્ષુઓ ! જન્મ, જરા, વ્યાધિ, મરણ, અપ્
વસ્તુનો સમાગમ અને પ્રિય વસ્તુનો વિયોગ ઇત્યાદિ કારણો
મનુષ્ય આ લોકમાં દુઃખી થાય છે. આ જે રાયથી રંક પર્
સર્વસાધારણ દુઃખ તેને હું દુઃખ નામનું પહેલું આ
સત્ય કહું છું.

"આ સર્વ દુઃખનો ઉદય તૃષ્ણામાંથી થાય છે.
ઉપભોગોની તૃષ્ણા, સ્વર્ગલોકમાં જન્મવાની તૃષ્ણા

ભગવંતની પાસે આવી યશે "શો આ ઉપદ્રવ! શો આ પીડા!" એ શબ્દો પુનઃ ઉચ્ચાર્યા.

બુદ્ધ બોલ્યા, "અહીં ઉપદ્રવ નથી અને અહીં પીડાયે નથી. હે કુલપુત્ર, આ આસન પર બેસ. ત્હને હું ધર્મોપદેશ કરું છું."

ત્યારે યશ બુદ્ધ પાસે જઈ નમસ્કાર કરી બાજુએ પડેલા એક આસન પર બેઠો.

બુદ્ધે ક્રમે ક્રમે દાનથી થતા ફાયદા, શીલરક્ષણથી થતા ફાયદા, સ્વર્ગલોકપ્રાપ્તિ, કામાસક્તિમાં દોષ અને એકાંતવાસમાં ગુણ, ઇત્યાદિ પ્રશ્નો ચર્ચી ઉપદેશ કર્યો; અને જ્યારે યશ ચિત્ત શુદ્ધ અજ્ઞાનના આવરણથી મુક્ત થયેલું જોયું, ત્યારે ત્હે ત્હેમને દુઃખ, દુઃખસમુદય, દુઃખનિરોધ અને દુઃખનિરોધગા માર્ગ એ ચાર આર્યસત્યનો ઉપદેશ કર્યો.

તે સાંભળી યશને તે જ આસન પર જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત જે દુઃખનો સમુદય થાય છે ત્હેનો નિરોધ પણ કરી છે એ વિષે ત્હેને સ્પષ્ટ બોધ થયો.

બીજે દિવસે સવારે યશને ઘેર ઘણી ગડબડ ચાલી પૂર્વ રાત્રે યશ ઘરમાંથી એકલો નીકળી ગયો એ ત્હેના માબાપને માલૂમ પડતાં જ ત્હેમણે યશના શો ચારે બાજુ સ્વાર દોડાવ્યા અને યશનો પિતા પો શોધમાં ઋષિપત્તન તરફ ગયો. પાચ તપસ્વીની પાસે આવ્યા પછી યશની સુવર્ણપાદુકાનાં ચિહ્નો ત્હેના જોવામાં આવ્યાં, ત્યારે આ ચિહ્નો પ્રમાણે ચાલતાં તે બુદ્ધ પાસે આવ્યો અને બોલ્યો, "ભગ યશને તમે જોયો છે કે?"

શ્રેષ્ઠી બોલ્યો, "મ્હારા પુત્રને આપના ધર્મસંબંધનું પૂર્ણજ્ઞાન થયું, એ ત્હેને મ્હોટો લાભ જ થયો એમ હું માનું છું."

યશના પિતાએ બીજે દિવસે પોતાને ઘેર ભોજન કરવા માટે બુદ્ધને આમંત્રણ આપ્યું; બુદ્ધે આમંત્રણનો સ્વીકાર કર્યો. પછી ઘેર જઈ ત્હેણે બીજા દિવસ માટે સર્વ તૈયારી કરી.

બુદ્ધ યશને સાથે લઈ બીજે દિવસે સવારે ત્હેને ઘેર ગયા. ભોજન પૂરું થયા પછી ત્હેમણે યશનાં માતાને અને પત્નીને ધર્મોપદેશ કર્યો. અને યશની મા અને પત્ની એ બન્ને યશના પિતાની માફક જ બુદ્ધની ઉપાસિકા થઇ અને યશને ગૃહસ્થાશ્રમમાં આવવાનો ત્હેમણે આગ્રહ કર્યો નહિ.

વારાણસી નગરીમાં યશના પુષ્કળ મિત્ર હતા, ત્હેમાંથી ચોપન તરુણોએ ગૃહત્યાગ કરી બુદ્ધના ભિક્ષુસંઘમાં પ્રવેશ કર્યો. બુદ્ધના પૂર્વના પાંચ સાથીદાર, યશ અને યશના ચોપન સોબતીઓ મળી બુદ્ધ પાસે હવે સાઠ ભિક્ષુ ભેગા થયા.

કાર્તિકી પૂર્ણિમા પછી એક દિવસે બુદ્ધે તે સર્વ ભિક્ષુને એકત્ર કર્યાં અને ત્હેમને કહ્યું કે "ભિક્ષુઓ! હું આ લોકનાં અને સ્વર્ગલોકનાં સર્વ બંધનોથી મુક્ત થયો છું. તે પ્રમાણે ત્હમે પણ આ સર્વ બંધનોથી મુક્ત થયા છો. હવે ત્હમે જનતાના કલ્યાણ માટે ચારે દિશામાં સંચાર કરો. આરંભે કલ્યાણપ્રદ, મધ્યમાં કલ્યાણપ્રદ અને પરિણામે કલ્યાણપ્રદ એવા મ્હારા ધર્મનો સર્વ લોકોને ઉપદેશ કરો અને ત્હેમને શુદ્ધ બ્રહ્મચર્યનું જ્ઞાન કરી દો. એક માર્ગે બે જણ જશો નહિ

પાછળ એક ઠેકાણે કહ્યું જ છે કે આ આશ્રમમાં
રહેનારા તપસ્વી લોકોમાં ઉરુવેલકાશ્યપ નદીકાશ્યપ અને
ગયાકાશ્યપ એ ત્રણની મુખ્યપણે ગણત્રી થતી હતી. આ ત્રણે
ભાઈઓમાં ઉરુવેલકાશ્યપ વડીલ હોવાથી બીજા બે તેને
પોતાનો ગુરુ માનતા. ઉરુવેલકાશ્યપની પાસે પાંચસો જટાધારી
શિષ્ય હતા. નદીકાશ્યપ પાસે ત્રણસો અને ગયાકાશ્યપ પાસે
બસો શિષ્ય હતા.

બુદ્ધગુરુ પ્રથમ ઉરુવેલકાશ્યપને આશ્રમે જઈ બોલ્યા
"હે કાશ્યપ! જો ત્હને મ્હારાથી અડચણ થવા જેવું ન હો
તો હું ત્હારી અગ્નિશાળામાં એક રાત રહેવા ઇચ્છું છું."

કાશ્યપ બોલ્યો, "હે મહાશ્રમણ! ત્હારા રહેવાથી મ્હ
કોઈ પણ પ્રકારે અડચણ થવાની નથી; પણ મ્હારી અગ્નિશાળા
ભયંકર નાગ રહે છે; તે ત્હને ત્રાસ દેશે એમ મ
ભય રહે છે."

બુદ્ધ બોલ્યા, "તે બાબત તું કાળજી કરીશ મા,
મને એક રાત અહિં રહેવાની પરવાનગી આપ."

કાશ્યપ બોલ્યો, "એમ છે, તો તું ખુશીથી અહિં રહે

તે રાત્રે બુદ્ધગુરુ કાશ્યપની અગ્નિશાળામાં ધ્યાન
બેઠેલા હતા તે સમયે તે મહાસર્પ ત્યાં આવ્યો અને પોતા
તેજથી બુદ્ધનો પરાભવ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. ત્હે
ફુંફાડા સાંભળી તથા ત્હેના તેજથી અગ્નિશાળા પ્રકાશિ
થયેલી જોઈ કાશ્યપના આશ્રમમાંના તપસ્વીઓ આશ્રમશા
આસપાસ બેઠા હતા અને આપસમાં બોલવા લાગ્યા, "અરે
ગરીબ બિચારો શ્રમણ આ મહાસર્પના સપાટામાં આ
પડ્યો છે!"

ચ્યો હતો એ સમાચાર ત્હેણે જાણ્યા ત્યારે પૂર્વનો જ ચાર પુનઃ એકવાર ત્હેના મનમાં આવ્યો.

પછી એક દિવસ રાત્રે બુદ્ધના દર્શનાર્થે ઉપસ્થિત આવ્યા હતા એ સમાચાર કાશ્યપે જાણ્યા. તથાપિ બુદ્ધ અર્હત્પદે પહોંચ્યા હતા એ બદ્દલ ત્હેની ખાત્રી થઇ નહિ.

એક દિવસે કાશ્યપના આશ્રમમાં મ્હોટો યજ્ઞસમારંભ થનાર હતો, તે માટે અંગ અને મગધ દેશમાંથી પુષ્કળ લોકો ખાવાપીવાની જણસો લઇને ત્યાં આવનાર હતા. આથી ઉરુવેલકાશ્યપના મનમાં એવો વિચાર આવ્યો કે, "આવતી કાલે મ્હારા આશ્રમમાં અંગ અને મગધ દેશમાંથી પુષ્કળ લોક આવનાર છે. જો આ મહાશ્રમણ ત્હેમને પોતાની ઋદ્ધિનો ચમત્કાર બતાવશે તો એનો લાભસત્કાર વધશે અને મ્હારો લાભસત્કાર કમી થશે. જો એ આવતી કાલે અહીં આવે નહિ તો સારૂં થાય."

કાશ્યપના મનનો આ વિચાર જાણી બુદ્ધ યજ્ઞને દિવસે ત્હેના આશ્રમે ગયા નહિ. યજ્ઞ પૂરો થયો, લોક પોતપોતાને ઘેર ગયા બીજે દિવસે કાશ્યપ બુદ્ધને આમંત્રણ કરવા માટે તે બેઠા હતા તે અરણ્યમાં ગયો અને ત્હેને કહ્યું, "હે મહાશ્રમણ, ભોજનની સર્વ તૈયારી છે; પણ તું કાલે કેમ આવ્યો નહિ?"

બુદ્ધ બોલ્યા, "હે કાશ્યપ! કાલે ત્હારા આશ્રમમાં યજ્ઞ થનાર હતો, અને તે માટે અંગ અને મગધ દેશમાંથી પુષ્કળ લોક આવનાર હતા ત્યારે ત્હેમને હું કંઈ પણ ઋદ્ધિ-ચમત્કાર દાખવી ત્હેમનું મન હરી લઉં અને તેથી ત્હારા લાભને હાનિ પહોંચશે એમ ત્હને લાગ્યું; અને હું તે સમયે

બુદ્ધના આ શબ્દો સાંભળી કાશ્યપનું અભિમાન વરાળ જઈ ગયું અને તે બુદ્ધને પગે પડી બોલ્યો, "ભગવન્, મ્હને તમારી શિષ્યશાખામાં સામેલ કરો."

બુદ્ધ બોલ્યા, "કાશ્યપ! તું પાંચસો જટિલોનો ગુરુ છે. તેમને મળ્યા વિના તું મ્હારો શિષ્ય થવાની ઉતાવળ કરતો નહિ."

આથી કાશ્યપે પોતાના શિષ્યોને એકત્ર કરી બુદ્ધના શિષ્ય થવાનો પોતાનો વિચાર તેમને જણાવ્યો. તે સર્વે કાશ્યપ સાથે બુદ્ધના શિષ્ય થવા તૈયાર થયા, અને તેમણે પોતાની જટા કાપી અગ્નિહોત્રના સાધનો સાથે નદીના પ્રવાહમાં નાંખી દીધી. બુદ્ધે આ સૌને પોતાના ભિક્ષુસંઘમાં દાખલ કર્યા.

નદીના પ્રવાહમાંથી તણાઈ આવેલી તે જટાઓનો ભારો અને અગ્નિહોત્રના સાધનો જોઈ પોતાના મ્હોટા ભાઈ અને તેની શિષ્યશાખા પર કોઈ વિકટ પ્રસંગ આવ્યો હશે, એમ નદીકાશ્યપને લાગ્યું; તેથી તેણે ખરી માહિતી મેળવવા પોતાના કેટલાક શિષ્યોને ઉરુવેલકાશ્યપના આશ્રમે મોકલ્યા. પોતાનો મોટો ભાઈ શિષ્યશાખા સહ બુદ્ધનો અનુયાયી થયો, એ સમાચાર જાણતાં જ નદીકાશ્યપ પોતાના બધા શિષ્યો સાથે બુદ્ધ પાસે જઈ તેનો અનુયાયી થયો.

તે જ પ્રમાણે ગયાકાશ્યપના કાન પર પોતાના બે બંધુઓ બુદ્ધના અનુયાયી થયાની વાત આવતાં જ તે પણ ઉરુવેલકાશ્યપના આશ્રમમાં જઈ પોતાના બધા શિષ્યો સહ બુદ્ધનો અનુયાયી થયો. આ પ્રમાણે થોડા જ વખતમાં એક હજાર તપસ્વીઓએ બુદ્ધના ભિક્ષુસંઘમાં પ્રવેશ કર્યો.

(૭)

રાજગૃહમાં આગમન

ઉરુવેલાના પ્રદેશમાં કેટલોક કાળ ગાળી બુદ્ધગુરુ પોતાના એક હજાર શિષ્યો સહ રાજગૃહમાં આવ્યા. ત્યાં ભગવાન યષ્ટિવનમાં રહેતા હતા. બુદ્ધ પોતાના નગર સમીપ આવ્યા છે, એ સમાચાર બિંબિસાર રાજાને મળતાં જ તે ઘણા ઠાઠમાઠ સાથે તેમને મળવા ગયો.

તેની સાથે મગધ દેશના પુષ્કળ બ્રાહ્મણો પણ હતા. તેમને એવી શંકા આવી કે બુદ્ધ કાશ્યપના શિષ્ય છે કે કાશ્યપ બુદ્ધનો શિષ્ય છે.

તેમના મનમાનો વિચાર જાણી લઇ બુદ્ધે કાશ્યપને કહ્યું, "કાશ્યપ! તેં અગ્નિહોત્રનો કેમ ત્યાગ કર્યો?"

કાશ્યપ બોલ્યો, "ભગવન્! સ્વર્ગલોકમાં સર્વ પ્રકારે કામસુખની પ્રાપ્તિ થશે એ જ યજ્ઞનું ફળ સમજાય છે. પણ આ લોકના તેમજ સ્વર્ગલોકનાં કામસુખ પાપકારક છે, એમ જાણીને હું અગ્નિહોત્ર અને યજ્ઞમાંથી વિરક્ત થયો છું!"

"જ્યારે હે કાશ્યપ! જો કામસુખમાં ત્હને આનંદ મળતો નથી, તો ત્હારૂં મન હવે કેશાણે રત થયું છે, એ કહે."

"ભગવન્! અત્યંત શાન્ત નિર્વાણપદ જોઇ મ્હારૂં મન યજ્ઞયાગ વિષે વિરક્ત થયું. એ નિર્વાણપદે હું રત થયો. ભગવન્! આપ મ્હારા ગુરુ છો અને હું આપનો શિષ્ય છું."

ત વખતે, રાજાના મનમાં એવો વિચાર આવ્યો કે
વેણુવન ઉદ્યાન બુદ્ધ અને ભિક્ષુસંઘને રહેવા યોગ્ય છે,
તે શહેરથી ઘણું દૂર નથી તેમ ઘણું પાસે પે નથી. ત્યાં
આવવાનો રસ્તો સારો હોઇ ભાવક મનુષ્યને જવા-
વા માટે સગવડભર્યો છે. ત્યાં દિવસે ઘણી ગરબડ
નથી અને રાત્રે વિશેષ શોરબકોર હોતો નથી. એકાંતવાસ
તે યોગ્ય છે. તે બુદ્ધને દાન કરીશ તો ઠીક થશે."

બિંબિસાર રાજા પોતાના આસનેથી ઉઠ્યો, અને હાથમાં
થી ભરેલી સોનાની ઝારી લઈ બુદ્ધ પાસે જઇ બોલ્યો,
ગવન્, મ્હારૂં વેણુવન ઉદ્યાન હું આપને અને આપના
સંઘને દાન કરૂં છું; ત્હેનો આપ સ્વીકાર કરો."

બુદ્ધે વેણુવનનો સ્વીકાર કર્યો; અને ભિક્ષુઓને ઉદ્દેશી
બોલ્યા, "ભિક્ષુઓ, આજથી લોકોએ દાનમાં આપેલા
રામ (વિહાર) સ્વીકારવા વિષે હું તમને પરવાનગી આપું છું."

તે કાળે રાજગૃહ પાસે સંજય નામનો સુપ્રસિદ્ધ
રિવ્રાજકાચાર્ય રહેતો હતો. ત્હેની મ્હોટી શિષ્યશાખા હતી.
રિપુત્ત અને મોગ્ગલ્લાન એ બે બ્રાહ્મણ પરિવ્રાજકોની ત્હેના
ખ્ય શિષ્યોમાં ગણના થતી. પણ સંજયના તત્ત્વજ્ઞાનથી તે
નું સમાધાન ન થવાથી ત્હેમણે એવો વિચાર રાખ્યો હતો કે
માંથી એકને નિર્વાણમાર્ગ પ્રાપ્ત થતાં, ત્હેણે તે બીજાને
ણાવવો."

એક દિવસ અસ્સજિ (અશ્વજિત) નામનો ભિક્ષુ
રાજગૃહમાં પિંડપાત (ભિક્ષા) માટે ફરતો હતો તેવામાં
સારિપુત્તે ત્હેને જોયો. ત્હેની શાન્ત મુદ્રા અને ગંભીર

સારિપુત્ત ત્યાંથી નીકળી મોગ્ગલ્લાન પાસે ગયો અને તેણે સર્વ વાત તેને કહી. ત્યારે મોગ્ગલ્લાન બોલ્યો, ચાલો, આ જ ક્ષણે આપણે બુદ્ધનાં દર્શન માટે જઈએ."

સારિપુત્ત બોલ્યો, "આયુષ્મન્! સંજયના શિષ્યોમાંના અઢીસો પરિવ્રાજકો આપણા બેની ઉપર અવલંબીને રહેલા છે; તો પ્રથમ તેમને મળી તેમની સલાહ લઇ પછી બુદ્ધદર્શને જઈએ."

આ સંભાષણ પૂરું થયા પછી તેઓ બન્ને પોતાના ઉપર અવલંબી રહેલા પરિવ્રાજકોને મળ્યા અને બુદ્ધના શિષ્ય થવાનો પોતાનો નિશ્ચય તેમને જણાવ્યો; ત્યારે તે અઢીસો પરિવ્રાજકો સારિપુત્ત અને મોગ્ગલ્લાન સાથે બુદ્ધના અનુયાયી થવા તૈયાર થયા. તે સૌને સાથે લઇ સારિપુત્ત અને મોગ્ગલ્લાન સંજય પાસે જઇ બોલ્યા, "આયુષ્મન્! અમે બુદ્ધ ગુરુ પાસે જઇએ છીએ. આજથી તે અમારા ગુરુ છે."

સંજયે તેમને ન જવા માટે પુષ્કળ આગ્રહ કર્યો, પણ તે સારિપુત્ત-મોગ્ગલ્લાનના મન ફેરવી શક્યો નહિ. તેને પોતાના આટલા મોટી શિષ્યશાખા નષ્ટ થયા બદલ અત્યંત દુઃખ થયું.

સારિપુત્ત-મોગ્ગલ્લાન પોતાના અઢીસો તપસ્વી બંધુઓને સાથે લઇ વેણુવન ઉદ્યાનમાં આવ્યા. તેમને દૂરથી આવતા જોઇને બુદ્ધ પોતાના ભિક્ષુઓ તરફ ફરી કહેવા લાગ્યા, "હે ભિક્ષુઓ! આ જે બે પરિવ્રાજકો અહિં આવે છે તે મ્હારા અગ્રશ્રાવક (અગ્રશિષ્ય) થનાર છે!"

કૌંડિન્યથી માંડીને છેક સારિપુત્ત-મોગ્ગલાન સુધી જેને બુદ્ધે પોતે ભિક્ષુસંઘમાં લીધા હતા તેમનો પ્રવ્રજ્યાવિધિ તદ્દન સાદો હતો. બુદ્ધ " ભિક્ષુ ! અહિં આવ " (એહિ ભિક્ખુ) એમ કહે એટલે બસ તે માણસ ભિક્ષુ થતો. પણ આને લીધે સંઘમાં સર્વસાધારણતા રહી નહિ, એટલે કે એકનાં વસ્ત્ર એક પ્રકારનાં તો બીજાના બીજા પ્રકારનાં; એકનો આચાર એક પ્રકારનો તો બીજાનો બીજા પ્રકારનો, એવું થવા લાગ્યું. આથી બુદ્ધે પોતાના ભિક્ષુસંઘનો આચાર એક જ પદ્ધતિએ ચાલે તે માટે જુદા જુદા નિયમો દાખલ કર્યા. એ સર્વનો વિસ્તાર વિનયપિટકમાં કર્યો છે.

ફેરી કાલુદાયી નામના સિદ્ધાર્થના બાલમિત્રને રાજાએ બુદ્ધને લઇ આવવા માટે રાજગૃહમાં મોકલ્યો. તે વેણુવનમાં આવીને બુદ્ધનો શિષ્ય થયો, તોપણ તે બીજા દૂતો પ્રમાણે પોતાનું કર્તવ્ય વિસર્યો નહિ. ફાગણ મહિનાની પૂર્ણિમાએ તેણે બુદ્ધને કહ્યું, "ભગવન્, આપના પિતા આપના દર્શન માટે ઉત્સુક થયા છે. તો આપે કપિલવસ્તુ જઇ એકવાર તેમને અને બીજા સગાંવહાલાંઓને મળી આવવું, એવી મારી વિનંતી છે ભગવન્, આ વસંતકાળ આપના ગમન માટે અત્યંત યોગ્ય છે."

કાલુદાયીની વિનંતિ માન આપી બુદ્ધગુરુ રાજગૃહમાંથી નીકળ્યા. અને માર્ગમાં ધર્મોપદેશ કરતા કરતા કપિલવસ્તુમાં આવ્યા. ત્યાં શાક્યોએ નિવાસ કરેલા ન્યગ્રોધ નામના વિહારમાં રહી બુદ્ધે પોતાના નવા સંબંધીઓને અનેકવાર ધર્મોપદેશ કર્યો.

એક દિવસ ભિક્ષાચર્યાર્થે તે શુદ્ધોદનના રાજવાડામાં ગયા હતા તે વખતે યશોધરા દેવીએ તેમને જોયા, અને પોતાના પુત્રને કહ્યું, 'રાહુલ ' આ મોટા પેલા શ્રમણને તેં જોયો કે ? તે તારા પિતા છે. તેમની પાસે જઇ તું પોતાનો વારસો માગ."

પોતાની માતાનું બોલવું સાંભળી રાહુલ દોડતો દોડતો બુદ્ધ પાસે આવી ઊભો રહ્યો. બુદ્ધગુરુ આસન પરથી ઉઠી ન્યગ્રોધારામ તરફ જવાના થયા. રાહુલ પણ તેમની પાછળ "બાપુ ! મને મારો દાયભાગ આપો. બાપુ ! મને મારો 'દાયભાગ આપો" એમ બોલતો બોલતો ચાલ્યો. વિહારમાં પહોંચ્યા પછી બુદ્ધે સારિપુત્રને બોલાવી કહ્યું કે "આ રાહુ

(૯)
બુદ્ધ અને અનાથપિંડિક શેઠ

શાક્યોને યથાવકાશ ઉપદેશ કરી બુદ્ધગુરુ કપિલવસ્તુથી મ્હોટા ભિક્ષુસમુદાય સહ પુનઃ રાજગૃહે આવ્યા. ત્યાં તે સીતવનમાં રહેવા લાગ્યા. તે વેળાએ અનાથપિંડિક નામનો શ્રાવસ્તિનો એક પ્રસિદ્ધ શેઠ કોઈ કાર્ય પ્રસંગે રાજગૃહમાં પોતાના સાળાને ઘેર આવ્યો હતો.

આ વેળાએ અનાથપિંડિકનો સાળો ઘણી ગડબડમાં હતો. ત્હેને ઘેર ભોજનસમારંભની તૈયારી ચાલતી હતી. તે જોઈ અનાથપિંડકે ત્હેને કહ્યું, "જ્યારે જ્યારે હું ત્હમારે ત્યાં આવતો ત્યારે ત્યારે ત્હમે સર્વ કામો છોડી મ્હારૂં આદરાતિથ્ય પ્રથમ કરતા; પણ આજ હું જોઉં છું કે કોઈક મ્હોટા ભોજનસમારંભની તૈયારીમાં ત્હમારૂં ચિત્ત ગુંથાઈ ગયું છે. આવતી કાલે ત્હમારે ત્યાં મ્હોટો લગ્નસમારંભ છે, કે મ્હોટો યજ્ઞ થનાર છે અથવા બિંબિસાર રાજાને અને ત્હેના સરદારોને આવતી કાલે ત્હમે મિજબાની આપનાર છો ?"

તેણે ઉત્તર આપ્યો. "ત્હમે કહો છો ત્હેમાંનું કાંઈ જ નથી. આવતી કાલે મ્હેં બુદ્ધ અને ત્હેમના ભિક્ષુસંઘને ભોજનનું આમંત્રણ કર્યું છે ?"

"શું ત્હમે 'બુદ્ધ' બોલ્યા ?" અનાથપિંડિકે મ્હોટેથી ઉદ્‌ગાર કાઢ્યો

અનાથપિંડિક બુદ્ધને નમસ્કાર કરી એક બાજુએ બેઠો અને બોલ્યો, "ભગવન્, આપને રાત્રે સુખેથી નિદ્રા તો આવી ને?"

બુદ્ધ બોલ્યા, "જે બ્રાહ્મણ કામસુખમાં બદ્ધ થતો નથી, જેની સર્વ તૃષ્ણા નષ્ટ થઇ છે અને તેથી જેનું મન શાન્ત થયું છે, તે સર્વ કાળ સુખથી સુએ છે."

તદનન્તર, બુદ્ધે દાનથી થનારા ફાયદા, શીલથી થનારા ફાયદા, સ્વર્ગ લોકના સુખ, કામોપભોગમાં દોષ અને એકાન્તવાસથી થતા લાભ, ઇત્યાદિ વિષયોનો ઉપદેશ કર્યો; અને જ્યારે અનાથપિંડિકનું ચિત્ત શુદ્ધ, મુદિત અને પ્રસન્ન થયેલું જોયું ત્યારે ભગવાને તેને ચાર આર્ય સત્યનો ઉપદેશ કર્યો.

એ સાંભળી બૌદ્ધધર્મની સત્યતા બદલ અનાથપિંડિકની ખાત્રી થઇ. તેણે બુદ્ધને કહ્યું, "ભગવન્, આ આપનો ધર્મ અત્યન્ત સુંદર છે. એકાદ માણસ ઢાંકેલી વસ્તુ ઉઘાડી કરી બતાવે કે દેખતા માણસને અંધારામાં જણાય તે માટે મશાલ ધરે, તે પ્રમાણે આજે આપના ધર્મનું ઉત્તમ સ્પષ્ટીકરણ કર્યું છે. હું આજથી મ્હારા શરીરમાં પ્રાણ હોય ત્યાં સુધી આપને, આપના ધર્મને અને ભિક્ષુસંઘને શરણ જાઉં છું! આપના ઉપાસક તરીકે મ્હારો આપ અંગીકાર કરશો. હવે આવતી કાલે આપ ભિક્ષુસંઘ સહ મ્હારા અન્નનું ગ્રહણ કરો એવી મ્હારી ઇચ્છા છે."

અનાથપિંડિકને રાજગૃહ તથા શ્રાવસ્તિ આ બે શહેરોની વચમાંનાં ગામો અને ન્હાનાં ન્હાનાં શહેરોમાં પુષ્કળ મિત્રો હતા. શ્રાવસ્તિ જતાં જે જે ઠેકાણે તેણે મુકામ કર્યો, તે તે ઠેકાણે પોતાના મિત્રોને બુદ્ધને માટે રમ્ય પ્રદેશમાં વિહાર વગેરે બાંધી તેમને રહેવાની વ્યવસ્થા કરવાનો તેણે ઉપદેશ કર્યો; અને શ્રાવસ્તિ પ્હોંચ્યા પછી તે બુદ્ધને રહેવા યોગ્ય સ્થાનની તપાસ કરવા લાગ્યો.

કોસલ દેશના રાજવંશમાંના જેત નામના રાજકુમારનું શ્રાવસ્તિ પાસે એક રમણીય ઉદ્યાન હતું. અનાથપિંડિકને આ ઉદ્યાન સિવાય બીજી સુંદર જગા શ્રાવસ્તિની આસપાસ મળી નહિ. તેથી તે જેત રાજકુમાર પાસે જઈ તેને કહેવા લાગ્યો, "બુદ્ધ આપણા શહેરમાં ચાતુર્માસ ગાળવા આવનાર છે. તેમને રહેવા માટે શહેરની આસપાસ મ્હેં ઘણી જગાઓ જોઈ. પરંતુ આપના ઉદ્યાન સિવાય મ્હને એકે જગા પસંદ પડી નહિ; તો આપ કૃપા કરી વિહાર બાંધવા માટે મ્હને આપનું ઉદ્યાન આપશો."

જેત બોલ્યો, "હે ગૃહપતિ, સોનાના નાણાં મ્હારા ઉદ્યાનમાં પાથરશો, તો તેટલી કિંમત લઇ હું તમને મ્હારૂં ઉદ્યાન આપીશ; એ સિવાય તે મળી શકે એમ નથી."

જેતના કહેવાનો ભાવાર્થ એવો હતો કે ગમે તેટલી કિંમત આપો તોપણ ઉદ્યાન વેચવાનો મ્હારો ઉદ્દેશ નથી, પણ અનાથપિંડિકે તેનો શબ્દશઃ અર્થ કર્યો.

પોતાને ઘેર આવી સોનાના નાણાંથી બે ચાર ગાડીઓ ભરીને અનાથપિંડિક પોતાના નોકરોને તે ગાડીઓ લઇ

અનાથપિંડિકે એવો વિચાર કર્યો કે જેત જેવા રાજકુમારની બૌદ્ધધર્મના પ્રસારમાં ઘણી મદદ થઈ શકે એમ છે તો તેની આ ભેટનો અસ્વીકાર કરવો ઠીક નથી. તેણે જેતને કહ્યું, "ઠીક છે, આ બાકીની જમીનમાં આપને બુદ્ધ માટે જે કરવું હોય તે સુખેથી કરો."

જેતે રહેલી જગામાં એક ઓરડી બાંધી અને અનાથપિંડિકે પુષ્કળ ઓરડીઓ, પુષ્કળ સંઘમંડપો, પુષ્કળ ભોજનશાળાઓ, પુષ્કળ વિહારો અને પુષ્કળ સ્નાનશાળાઓ બાંધી.

બુદ્ધગુરુ ભિક્ષુસંઘ સાથે રાજગૃહમાંથી નીકળી વિહાર કરતા કરતા શ્રાવસ્તિમાં આવી પહોંચ્યા. ત્યાં તેઓ જેતવનમાં અનાથપિંડિકના ઉદ્યાનમાં રહેતા હતા, તે સમયે અનાથપિંડિકે આવી તેમને ભિક્ષુસંઘ સહ પોતાને ઘેર આમંત્રણ આપ્યું.

બીજે દિવસ પોતે બુદ્ધને અને ભિક્ષુસંઘને ભોજન કરાવ્યા પછી અનાથપિંડિકે "જેતવન વિહારની બાબતમાં કેવી રીતે વ્યવસ્થા કરવી ?" એવો પ્રશ્ન કર્યો. બુદ્ધ બોલ્યા, 'હે ગૃહપતિ, આ વિહાર તું આગત અનાગત ભિક્ષુસંઘને માટે દાનમાં આપ."

અનાથપિંડિકે જેતવનનું યથાવિધિ દાન કર્યું. ત્યારે બુદ્ધે તેનું અભિનંદન કરતાં કહ્યું : 'વિહારદાન એ સર્વોત્તમ કૃત્ય છે, કારણ તેમાં રહીને ભિક્ષુ [illegible], [illegible], [illegible], [illegible], વાયુ ઇત્યાદિનો ઉપદ્રવ રહેતો નથી. તેમાં સુખ ચેનથી યથાર્થ વિચાર કરી શકે. વિહાર ભિક્ષુને રહેવાની સગવડ કરી આપવી, એ તેને યથાર્થ અભયદાન દેવું."

હતી. નિર્ગ્રંથ આવી પોતપોતાને આસને બેઠા. પછી મિગારશ્રેષ્ઠીએ પોતે આદરાતિથ્ય કરી તેમને સંતોષપૂર્વક જમાડયા; અને તેમનું ભોજન પૂર્ણ થયા પછી પોતાની પુત્રવધૂને કહાવ્યું કે, "આપણે ઘેર અર્હન્ત આવ્યા છે. તેમને નમસ્કાર કરવા આવવું."

'અર્હન્ત' એ શબ્દ કાને પડતા જ વિશાખાને ઘણો આનંદ થયો. કારણ ન્હાનપણથી તે બુદ્ધની ઉપાસિકા હતી, તથા બુદ્ધ અને બૌદ્ધ ભિક્ષુ સિવાય અન્યને પણ અર્હન્ત કહે છે એ એને ખબર ન હતી. ઉતાવળી ઉતાવળી સુગંધ ધરીને તે પોતાનો સસરો અને તેના સૌ અર્હન્ત જે દિવાનખાનામાં બેઠા હતા ત્યાં ગઈ. પણ તે નગ્ન શ્રમણોને જોઈ તેને અત્યંત તિરસ્કાર છૂટયો; અને પોતાના સસરાને કહેવા લાગી કે, "મ્હને આપે અહિં શા માટે બોલાવી ? આવા નાગા ઉઘાડા લોક કદી અર્હન્ત હોઈ શકે ખરા કે ? આવા નિર્લજ્જોને અમે અર્હન્ત કહેતા નથી." આ ઉદ્ગાર કાઢીને વિશાખા ત્યાંથી ચાલતી થઈ.

આ બાજુ, પેલા શ્રમણોને આ નવવધૂએ પોતાનું અપમાન કર્યા બદલ અતિશય ખરાબ લાગ્યું, અને તે એકદમ મિગાર શ્રેષ્ઠીને કહેવા લાગ્યા કે "હે ગૃહપતિ ! આવી કર્કશાને તું ક્યાંથી પકડી લાવ્યો ? અમે કે ત્હારા પુત્રને આખા જમ્બુદ્વીપમાં બીજી કન્યા જ મળતી નહોતી ? "

મિગારે કહ્યું, "હજી તેનો સ્વભાવ છોકરવાદી છે, ધીરે ધીરે સુધારતા જઈશું. તેના આ ઉદ્ધત આચરણ બદલ તેને ક્ષમા કરવી ઘટે છે."

ારથી કરવા માટે કહી રાખ્યું છે. તો તેમની સમક્ષ મ્હારો
ા દોષ છે તે જણાવે. અને તેઓ મ્હને અપરાધી ઠરાવશે,
ો હું ખુશીથી અહિંથી નીકળી જઇશ."

પુત્રવધૂનું આ સ્પષ્ટ બોલવું સાંભળી મિગારનો મિજાજ
ઠેકાણે આવ્યો. તેણે તે આઠ કુલીન ગૃહસ્થોને તત્કાળ
બોલાવી મંગાવ્યા અને પોતાની પુત્રવધૂનો ગુન્હો તેમને કહી
સંભળાવી જણાવ્યું: "આને મ્હારા ઘરમાંથી આજ ને આજ
ાઢી મૂકો."

તે ગૃહસ્થોએ પૂછ્યું, "કેમ, બ્હેન વિશાખા! ત્હારા
સસરા એંઠું અન્ન ખાય છે એવું ત્હેં કહ્યું હતું કે?"

વિશાખા બોલી, "મ્હારો સસરો જૂના પુણ્ય પર
નિર્વાહ કરે છે અને નવીન પુણ્ય સંપાદન કરતો નથી, એવો
મ્હારા કહેવાનો અર્થ હતો. તેથી તે જૂનું પુરાણું ખાય છે
એમ મ્હેં કહ્યું હતું."

તે ગૃહસ્થોએ મિગારને કહ્યું, "આ કહેવું ઘણું
ડહાપણભરેલું જણાય છે. આટલા માટે જ વિશાખાને ઘરમાંથી
કાઢી મૂકવી એ તમને ઉચિત નથી."

વિશાખાના બીજા બે ત્રણ બારીક બારીક દોષ
મિગારે તે ગૃહસ્થોને જણાવ્યા, પણ તપાસ કરતાં તે દોષ ન
હોઈ, મિગારની ખોટી ગેરસમજ થઈ હતી એવું દેખાઈ આવ્યું.
ત્યારે મિગાર બોલ્યો, "પણ આનો બાપ અત્રે અહિં
આવ્યો ત્યારે અમારી સમક્ષ એણે દસ નિયમ એની પુત્રીને

પોતે જમવું નહિ; નોકરચાકરોની ખબર કાઢીને પછી જમવું: વડીલ માણસોના સૂતા પહેલાં પોતે સૂવું નહિ, તેમની વ્યવસ્થા કરીને પછી સૂવું. અગ્નિની પૂજા કરવી એ નવમો નિયમ. પતિવ્રતા સ્ત્રીને પતિ અગ્નિસમાન પૂજ્ય દેવ જોઈએ, અને બ્રાહ્મણ જેમ અગ્નિની પરિચર્યા કરે છે તેમ ત્હેણે પોતાના પતિની કરવી, એ આ નિયમનો અર્થ. ગૃહદેવતાની પૂજા કરવી એ દશમો નિયમ, એટલે સાસુ સસરા ઇત્યાદિ વડીલ માણસોને ગૃહદેવતા સમજી ત્હેમની સેવા કરવી."

વિશાખાએ પોતાના પિતાએ બનાવેલા દસ નિયમની આ પ્રમાણે સમજણ આપવાથી તે આઠ કુલીન ગૃહસ્થોએ ત્હેની ઘણી પ્રશંસા કરી અને મિગારશ્રેષ્ઠીને કહ્યું કે, "આપ ગુસ્સે થઈને આ ડાહી છોકરીને ઘરમાંથી કાઢી મૂકવા તૈયાર થયા છો; પણ એ ત્હમારા ગૃહની લક્ષ્મી જ છે એમ સમજજો."

મિગારે પોતાની ભૂલ કબૂલ કરી અને વિશાખાની ક્ષમા માગી.

વિશાખા બોલી, "આપ વડીલ જ છો, એટલે ક્ષમા કરવા જેટલો મ્હોટો અપરાધ આપે કર્યો છે એમ હું ધારતી નથી; પરંતુ માત્ર એક વાતમાં મ્હારે અને ત્હમારે મેળ ખાય એમ લાગતું નથી: હું છું બુદ્ધની ઉપાસિકા અને આપ છો નિર્ગ્રંથના ઉપાસક, એટલે બૌદ્ધ ભિક્ષુ આદિ ભિક્ષાર્થે આવતાં તે આપને પરવડશે નહિ, અને નિર્ગ્રંથ આવતા ત્હેમને હું નમસ્કાર કરનાર નથી. આ બાબતમાં કાંઇ નિર્ણય કર્યા સિવાય મ્હારા અહિં રહેવાથી આપને કે મ્હને સુખ થનાર નથી."

બીજે દિવસે વિશાખાએ ભોજનની સર્વ તૈયારી કરી, બુદ્ધ અને ભિક્ષુઓને બોલાવી, ઘણા આદરસત્કાર સહિત તેમને જમાડ્યા. ભોજન પછી વિશાખાએ પોતાને તથા ઘરનાં સર્વ માણસોને ધર્મોપદેશ કરવાની બુદ્ધગુરુને વિનંતી કરી. પણ આ ઉપદેશ સાંભળવા મિગાર આવ્યો નહિ. વિશાખાએ અત્યંત આગ્રહ કર્યાથી તેણે પડદાની આડે બેસી ધર્મોપદેશ સાંભળવા કબુલ કર્યું. બુદ્ધનું મુખ માત્ર તેણે જોવું ન હતું! વિશાખાએ એક બાજુએ પડદો બાંધી પોતાના સસરાને બેસવાની સગવડ કરી.

સર્વ મંડળ બેસી રહ્યા પછી બુદ્ધે પોતાની અમૃતતુલ્ય વાણીથી તેમને ઉપદેશ કર્યો. દાન, શીલ, ભાવના ઇત્યાદિ વિષય સંબંધે બુદ્ધે કરેલો બોધ સાંભળી મિગારશેઠને ઘણું લાગી આવ્યું. આવા મહાપુરુષ પોતાને ઘેર આવ્યા છતાં પોતે મૂર્ખાઈથી તેના દર્શન કરવા તૈયાર નથી, એ વિચારથી એને ઘણો પશ્ચાત્તાપ થયો; અને એકદમ પડદો દૂર ખસેડી નાખી બહાર દોડી આવી તેણે બુદ્ધના ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દીધું. તે બોલ્યો, "ભગવન્, મ્હારા અપરાધની ક્ષમા કરો. આજથી હું આપનો ઉપાસક થયો છું. આ બાબતમાં વિશાખા મ્હારે માતા સમાન છે. તે જો મ્હારે ઘેર આવી ન હોત, તો આપની અમૃતવાણી મ્હારે કાને પડી ન હોત. તેથી આજથી હું તેને મ્હારી માતા જ કહેતો જાઉં."

ત્યારથી વિશાખાનું મિગારમાતા એવું નામ પડ્યું. શ્રાવસ્તિના ઘણાખરા લોકો તેને મિગારમાતાના નામથી જ

(૧૧)

દેવદાસ

કાઠિયાવાડનું રાજ્ય મહાજનસત્તાક હતું. જુદા જુદા મા
મહાજન કોઠીને રાજા કહેતા. આવા લગભગ સાત
રાજાઓ કાઠિયાવાડના રાજ્યમાં હતા. તેઓ આપસમાં
અમુક મુદતના અને ત્યારે મહારાજા કહેતા. આ મહારાજ
હાથમાં અંતર્ગત વ્યવહારસંબંધમાં કેટલાક અધિકાર રહેતા
પરંતુ પરરાજ્યની સાથે સલાહ કે લડાઈ કરવી એ હાથ
મહાજનમંડળ પદને હતું હતું. કાઠિયાવાડના સભાગૃહને
નક્કી કરતા બુદ્ધના સમયમાં વૈશાલીમાં આ જાતનાં
પણ કેટલાક ગણો હતા.

એક વેળાએ કાઠિયાવાડનું અધ્યક્ષસ્થાન ભદ્રિય નામના એક
રાજા કોઠીને મળ્યું હતું ને તેણે કાઠિયાવાડના રાજાઓના
પરંતુ નાનપણે બુદ્ધના ભિક્ષુપદ પ્રવેશ કર્યો: પરંતુ
મહાનામ કાઠિયાવાડના કામમાં રોકાયા; પણ ભિક્ષુ થવો ન હતો
આથી તેણે પોતાના ભાઈના અનુરુદ્ધને કહ્યું કે ભિક્ષુ
બુદ્ધ કે સંઘમાં પ્રવેશ કરવો તો કરવી છે, કાઠિયાવાડની
રીતિ અમલમાં છે આ પક્ષને પણ દેવદાસના સ્વીકારના

પરમતું કામો કરો એવું મ્હને લાગતું નથી. આવાં કામો કરતાં ભિક્ષુ થવું જ મ્હને અધિક રુચિ ભાસે છે."

અનુરુદ્ધે ભિક્ષુ થવાનો વિચાર—અરે નિશ્ચય કર્યો. પણ ત્હેને ત્હેની માતાની પરવાનગી મળી નહિ. અનુરુદ્ધે જ્યારે અતિશય હઠ પકડી, ત્યારે તે બોલી, "શાક્યના આપણા મહારાજા ભદ્રિય ત્હારો બાળમિત્ર છે. જો તે ત્હારી સાથે ભિક્ષુ થવાને તૈયાર હોય તો હું ત્હને પરવાનગી આપું છું."

ભદ્રિય આટલો મ્હોટો અધિકાર છોડીને ભિક્ષુ થનાર નથી એવી અનુરુદ્ધની માતાને ખાત્રી હતી. માટે ત્હેણે પોતાના પુત્રને સમજાવવા આ યુક્તિ યોજી હતી.

અનુરુદ્ધ ભદ્રિય પાસે જઈ બોલ્યો, "મિત્ર, બુદ્ધના ભિક્ષુસંઘમાં પ્રવેશ કરવાની મ્હને ઇચ્છા થઈ છે. પણ મ્હારી માતાની મ્હને પરવાનગી મળતી નથી. તું જો મ્હારી સાથે ભિક્ષુ થાય, તો જ મ્હારી માતા મ્હને પરવાનગી આપવા તૈયાર છે."

ભદ્રિય બોલ્યો, "અનુરુદ્ધ! ૭ વર્ષ થોભ. દરમ્યાનમાં મ્હને આપણા રાજ્યમાં જે કંઈ સુધારા વધારા કરવા હોય તે કરી લઉં; પછી આપણે બન્ને ભિક્ષુ થઈશું."

પણ અનુરુદ્ધ ભિક્ષુ થવા માટે એટલો ઉત્સુક થયો હતો કે સાત દિવસ પણ ત્હેને સાત વર્ષ સમાન ભાસતા હતા. ત્હેના અત્યાગ્રહને વશ થઈ ભદ્રિય એક અઠવાડીયાનાં

છે અને ઘણો બુદ્ધિમાન છે. આપે પ્રથમ ત્હેને [ભિક્ષુ કરો] એટલે ત્હેની પાછી થયેલા ભિક્ષુ તરીકે અમારે ત્હેને વંદન કર[વું] પડશે, અને તેથી અમે મહાન્ કુળમાં જન્મ્યા છીએ એ જા[ણ]નો અમારો ગર્વ રહેશે નહિ."

બુદ્ધે ત્હેમની વિનતી માન્ય કરી પ્રથમ ઉપાલિને પ્રવ્ર[જ્યા] આપી. ઉપાલિ આગળપર મ્હોટો વિનયધર (વિનયધર્મમાં કુશળ) થયો. અનુરુદ્ધને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઇ. આનંદ બુદ્ધની શુશ્રૂષા કરનારા ભિક્ષુઓમાં પ્રમુખ થયો. પણ દેવદત્ત લૌકિક સિદ્ધિઓની પાછળ પડ્યો. એક વખતે બુદ્ધગુરુ કૌશામ્બી નગરીમાં ઘોષિતારામમાં રહેતા હતા, ત્યાં દેવદત્તના મનમાં એવો વિચાર આવ્યો કે "હું એકાદ રાજકુમારને પ્રસન્ન કરી મ્હોટું નામ મેળવું."

તે કૌશામ્બીથી એકદમ રાજગૃહ આવ્યો અને ત્યાં બિંબિસાર રાજાના કુમાર અજાતશત્રુને યોગસિદ્ધિનો ચમત્કાર બતાવી વશ કર્યો. રાજગૃહમાં આવ્યા પછી બુદ્ધગુરુને એવા સમાચાર મળ્યા કે, "દેવદત્ત અજાતશત્રુ પાસેથી લાભસત્કાર મેળવે છે," ત્યારે તે બોલ્યા, 'ભિક્ષુઓ! દેવદત્ત પોતે મારે મરેલો છે. કેળા કેળનો નાશ કરે છે; વાંસના ફળો વાંસનો નાશ કરે છે, અને લૌકિક સિદ્ધિ વડે મેળવેલો લાભ મૂર્ખ મનુષ્યનો નાશ કરે છે।"

એક દિવસે બુદ્ધગુરુ એક મ્હોટી સભામાં ધર્મોપદેશ કરતા હતા તે વેળાએ દેવદત્ત બુદ્ધને નમન કરી બોલ્યો, "ભગવન્! હવે આપ વૃદ્ધ થયા છો, માટે ભિક્ષુસંઘનું નાયકપણું મ્હને સોંપી આપ શાન્તપણે કાળક્રમણ કરો."

દેવદત્ત બોલ્યો, "તો પછી જ્યારે આ ગલીમાંથી બુદ્ધ જાય ત્યારે તેના ઉપર નાલાગિરિ હાથી છોડી દેજે."

"ઠીક છે।" માહુતે ઉત્તર આપ્યો.

નાલાગિરિ હાથી અત્યંત મસ્તીને માટે પ્રખ્યાત હતો. જો કદાચ હસ્તિશાળામાંથી તે છૂટો થતો તો તે માણસોનો ઘાણ કાઢી નાખતો.

બુદ્ધ તે રસ્તે જતા હતા તેવામાં પેલા માહુતે હેનું બંધન તોડી હેને છૂટો કર્યો. ત્યારે આસપાસના ઘરમાં રહેનારાં માણસો, કોઈ ઘરના છાપરા પર તો કોઈ માળે જઈ ભરાઈ બેઠાં.

નાલાગિરિ હાથી બુદ્ધના શરીર પર ધસી આવતો જોઈને ભિક્ષુઓ બોલ્યા, "આ મનુષ્યઘાતક ભયંકર નાલાગિરિ હાથી આ બાજુએ ચાલ્યો આવે છે તો આપ જલદી બીજી બાજુએ વળી જાઓ."

પણ ભિક્ષુના બોલવા તરફ લક્ષ ન દેતા બુદ્ધગુરુ આગળ વધ્યા. ત્યારે આજુબાજુના લોકોએ, "અરેરે બિચારા આ ભલા શ્રમણને નાલાગિરિ હાથી પૂરો કરશે!" એવા દુઃખોદ્ગાર કાઢ્યા. બુદ્ધે પોતાની વિશ્વમૈત્રીનું એકીકરણ કરી મનોબળથી તેનો પ્રવાહ તે હાથી ઉપર છોડ્યો. નાલાગિરિ હાથી સૂંઢ નીચી નમાવી બુદ્ધ પાસે આવી ઉભો રહ્યો. તેના કુંભસ્થળ પર હાથ ફેરવી, બુદ્ધ બોલ્યા, "નાગે નાગને[1] મારવો એ

---

[1]અહિં શ્લેષ છે: નાગ એટલે હાથી તથા પાપરહિત મનુષ્ય (ન+આગ).

(૧૨)

આમનિયા આત્મશુન્યા

ફરીદના આમનિક. નામનો એક મકાન હતું. તેને એક સર્વગુણસંપન્ન [illegible] હતો. [illegible] તેનું [illegible] [illegible] આમનિક [illegible] [illegible] હતો. તેમને [illegible] હતા. [illegible] [illegible] તેમ [illegible] [illegible] ફરીદના [illegible] તેમનો [illegible] આમનિક [illegible] [illegible] પુત્રનો [illegible] [illegible] તેની તેનું [illegible] "[illegible] [illegible]" [illegible] [illegible] મારી પુત્રીને [illegible] [illegible] સર્વગુણસંપન્ન [illegible] નથી, [illegible] મારી પુત્રી [illegible] [illegible] [illegible]."

[illegible] [illegible] [illegible] "[illegible] [illegible]" [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી; તો પણ મારી [illegible] પુત્રનો [illegible] [illegible] [illegible] [illegible]"

પરિવ્રાજકો બોલ્યા, " અમને શાક્યપુત્રીય ભિક્ષુ ઉપર વહેમ આવે છે, કેમકે હમણાં સુંદરી રોજ રાત્રે બુદ્ધના વિહારમાં જતી હતી. બુદ્ધનો અને હેનો ગુપ્ત પ્રકારનો વ્યવહાર હતો, એવી ખબર અમારે કાને આવી છે. કદાચિત્ પોતાના ગુરુના કૃત્ય ઢાંકવા માટે શાક્યપુત્રોએ બિચારી સુંદરીને મારી નાંખી કોઈક સ્થળે દાટી દીધી હશે ?"

રાજાની પરવાનગી લઇ પરિવ્રાજકોએ નગરરક્ષકો (પોલીસ)ની મદદથી પ્રથમ જેતવનની ઝડતી લીધી, અને કચરાના ઢગલામાં સંતાડેલું સુંદરીનું પ્રેત શોધી કાઢયું. રાજાએ જેતવનમા સુંદરીનું પ્રેત મળ્યાના સમાચાર સાંભળ્યા પછી હેને આખા શહેરમા ફેરવી લોકોને દેખાડવા આજ્ઞા કરી. પરિવ્રાજકોએ સઘળા શહેરમા સુંદરીનુ પ્રેત ફેરવી બુદ્ધભિક્ષુકની બદનામી કરી. જ્યાં ત્યાં સુંદરીનુ પ્રેત બતાવી તેઓ 'આ જુઓ શાક્યપુત્રીય શ્રમણોનું કૃત્ય' એવું મોટેથી બરાડતા હતા. આથી કેટલાક શ્રદ્ધાવાન ઉપાસકો બાદ કરતા બાકીના સઘળા લોકોમાં બુદ્ધ અને બૌદ્ધભિક્ષુ વિષે અત્યંત તિરસ્કારની લાગણી પ્રસરી. ભિક્ષુને ભિક્ષા મળવાની અડચણ પડવા લાગી.

પણ આટલાથી બુદ્ધ ડગ્યા નહિ તે બોલ્યા, "ખોટા આરોપ મૂકનારા મનુષ્યની હું કાંઈ જ કિંમત સમજતો નથી. જે ખોટું બોલે છે, અને પોતે કરેલું પાપકૃત્ય બીજાના માથે ઓઢાડવા માગે છે, હેને નરક વિના બીજી ગતિ ન હોઈ શકે."

(૧૪)

મહાપ્રજાપતિ ગૌતમી અને ભિક્ષુણીસંઘની સ્થાપના

બુદ્ધ પોતાની ઉત્તર વયમાં એક વખત કપિલવસ્તુમાં રહેતા હતા. તે વખતે મહાપ્રજાપતિ ગૌતમીએ તેમને ભિક્ષુણી-સંઘ સ્થાપન કરવાની વિનંતી કરી; પણ ભિક્ષુણીસંઘ સ્થાપન કરતા ભિક્ષુઓ અને ભિક્ષુણીઓના સંઘમાં ટંટા ઉપસ્થિત થવાનો સંભવ હોવાથી બુદ્ધે ગૌતમીની વિનંતી માન્ય કરી નહિ. પછી બુદ્ધ કપિલવસ્તુથી નીકળી ધર્મોપદેશ કરતા કરતા વૈશાલિમાં આવ્યા. મહાપ્રજાપતિ ગૌતમી પણ મુંડન કરાવી ઘણી શાક્ય સ્ત્રીઓ સાથે વૈશાલિમાં આવી. ચાલવાના શ્રમથી તેના પગ સુજી ગયા હતા. તેને જોઈ આનંદ બોલ્યો, 'શું આ ત્હારી સ્થિતિ' તું આટલી વિપદ્ગ્રસ્ત કેમ જણાય છે?"

મહાપ્રજાપતિએ જવાબ આપ્યો, " આનંદ! બુદ્ધગુરુ સ્ત્રીઓને પ્રવ્રજ્યા દેવા તૈયાર નથી, એ બદલ મ્હને અત્યંત ખેદ થાય છે।"

" એમ છે તો તું અહિં જ બેસ, હું ભગવંતને ફરી એક વાર વિનતી કરી જોઉં છુ. "

એમ બોલી આનંદ બુદ્ધ પાસે ગયો અને બોલ્યો, " ભગવન્' મહાપ્રજાપતિ ગૌતમી પગે ચાલી કપિલવસ્તુથી અહિં સુધી આવી છે ચાલવાના શ્રમથી તેના પગ સુજી

(૬૫)

વિડૂડભ (વિડુડભ)

પસેનદિ રાજાને બુદ્ધ તરફ ભારે ભક્તિભાવ ઉત્પન્ન થયો હતો. તે વારંવાર જેતવનમાં ધર્મશ્રવણાર્થે જતો અને ભિક્ષુસંઘને અન્નઆહાર દેતો. પોતાનો બુદ્ધના કુળ સાથે નિકટ સંબંધ થાય, એ હેતુથી તેણે શાક્યકુળમાંની એક કન્યાને પોતાની પટરાણી કરવાનો વિચાર કર્યો.

પણ શાક્યરાજાઓ ભારે અભિમાની હતા. તે કોસલ રાજાના કુળ કરતાં પોતાના કુળને શ્રેષ્ઠ સમજતા. પસેનદિએ જ્યારે કન્યાનું માગું કર્યું ત્યારે શાક્યોને મોટી ચિંતા થઇ. પસેનદિનું સામર્થ્ય શાક્યો કરતાં ઘણું વધારે હતું. અર્થાત્ શાક્યોથી કોસલરાજાની માગણી ઉઘાડી રીતે નાકબૂલ થઇ શકી નહિ. તેમણે સર્વાનુમતે એવી યુક્તિ યોજી કે મહાનામ શાક્યની દાસીકન્યા વાસભક્ષત્રિયાને મહાનામે પોતાની કન્યા તરીકે કોસલ રાજાને આપવી.

કોસલદેશના અમાત્યો(મંત્રીઓ)ને તે છોકરી પસંદ પડી. પણ પસેનદિને શાક્યરાજા આપણને ઠગશે એવી શંકા આવવાથી તેણે પોતાના અમાત્યોને એવો સંદેશો મોકલ્યો કે " તમે જે કન્યા પસંદ કરી, તે જો મહાનામ

પામરપ્રિયાએ અહંકારને ક્ષેમ મહીંકા મોકલ્યાં, કે "મ્હારો પુત્ર ના આવે છે, તેને કોઈપણ મારે એવું નહિ એમ વર્તવું ને આપ તેની સાથે હિત વર્તો. નહિ તો કોમળતાની ... પર જ કેમ નહિ, પણ આપના ... પણ નિશ્ચય છે."

વિદુર હસ્તિનાપુર ગયા પછી શાસ્ત્રોએ તેનું ... આશ્રિત હતું. અને આ ... "આ ... વિદુર આમ" એમ કોઈએ ... તેને અહંકારમાં વર્તીને નમસ્કાર કરવા, "મ્હારા કેમ (છો) ... નથી કે?" એનો ઉત્તર મળ્યો. "... ભણે છે."

પોતાના દાદાને ઘેર કેટલાક દિવસ રહી વિદુર જ્યારે આશ્રમે પાછો જવા નીકળ્યો, ત્યારે શાસ્ત્રોમાં પોતાના સહાધ્યાયી ... એમ ... તેનું ... સન્માન હતું. વિદુર કેટલેક અંતરે ગયા પછી તેનો એક નોકર કેટલોક સામાન લઈ જલદી પાછો ફર્યો, ત્યારે નોકરોનો સંવાદ તેના સાંભળવામાં આવ્યો.

એક દાસી કહે, "અલી, પેલા દાસીપુત્રનો મોટો પટલો આવ્યો મહારો, દીકરે ત્યારે બીજી દાસીએ કહ્યું: 'અલી, દાસીપુત્ર તે કોણ?'

"વાહ, તું તો દરબારમાં બેસી જ રહે છે. અરે, પેલો આપણો વિદુર દાસીનો પુત્ર છે, તે તું જાણતી નથી કે? અલી, તેનો પટલો ઘણ પાડીથી સાર ... નાખ."

મગધદેશનો રાજા અજાતશત્રુ એ પસેનદિનો ભાણેજ થતો હતો. તેની મદદથી વિડૂડભ પાસેથી રાજ્ય લઈ લેવાનો વિચાર કરી પસેનદિ એક દાસી સાથે અજ્ઞાત વેશે રાજગૃહ તરફ ચાલ્યો. પણ ત્યાં પહોંચતાં પહેલાં જ રાજગૃહ બહાર આવેલી એક ધર્મશાળામાં પરિશ્રમથી તે મૃત્યુ પામ્યો. અજાતશત્રુને પોતાના મામાના આવા દુઃખકારક મરણની ખબર મળતાં તેણે પસેનદિના દેહને શોભે એવી સઘળી ઉત્તરક્રિયા કરી.

રાજ્યકારભાર હાથમાં આવતાં જ વિડૂડભે શાક્યો ઉપર સ્વારી કરવાની તૈયારી કરી. બુદ્ધે તેને સમજાવી તેનો આ વિચાર બે વાર ફેરવી નાખ્યો, પણ ત્રીજી વખતે બુદ્ધને તેને સમજાવવાનો પ્રસંગ ન મળવાથી વિડૂડભ પોતાનો નિશ્ચય નિઃશંકપણે પાર પાડી શક્યો. તેણે શાક્યો પર સ્વારી કરી તેમની વસ્તી કાપાકાપ કરી નાખી. જે શરણે આવ્યા તથા જે ન્હાસી ગયા તેમને છોડી બીજાને– ન્હાના મ્હોટા સર્વેને–તેણે કત્લેઆમ કરાવ્યું, અને તેમના લોહીથી પોતાનું આસન ધોવરાવ્યું. આ પ્રમાણે શાક્યોનો વિનાશ કરી વિડૂડભ શ્રાવસ્તિ પાછો આવ્યો.

ત્યાં શહેર બહાર અચિરવતી (રાપ્તી) નદીના કાંઠામાં તેણે પોતાના સૈન્યનો પડાવ નખાવ્યો. આસપાસના પ્રદેશમાં અકાળ મેઘની ભયંકર વૃષ્ટિ થઈ, તેથી અચિરવતીમાં મહાપૂર આવ્યું અને તેમાં વિડૂડભ તથા તેના સૈન્યનાં કેટલાક માણસો તણાઈ ગયા.

પોતાના સંઘમાં લીધા અને ચાતુર્માસ પૂરો થતાં તેમને ધર્મોપદેશ કરવા માટે સર્વ દિશામાં મોકલ્યા. તે પછી બુદ્ધનું નોંધવા જેવું કાર્ય એટલે ઉરુવેલ કાશ્યપ, નંદી કાશ્યપ અને ગયા કાશ્યપ આ ત્રણ સુપ્રસિદ્ધ તપસ્વી બંધુઓને એક હજાર શિષ્યો સહ પોતાના ભિક્ષુસંઘમાં લીધા એ ગણી શકાય. કાશ્યપબંધુ શિષ્ય થવાથી રાજગૃહમાંના શ્રમણુપાસકો પર બુદ્ધનું તેજ પડતાં વાર લાગી નહિ. રાજગૃહમાં બુદ્ધે પુષ્કળ શિષ્યો મેળવ્યા, પણ તે સર્વમાં સારિપુત્ત અને મોગ્ગલ્લાન એ મુખ્ય હતા. રાજગૃહથી પોતાના ભિક્ષુસંઘ સહ બુદ્ધ શુદ્ધોદન રાજાને મળવા કપિલવસ્તુ ગયા. ત્યાં બનેલી મુખ્ય વાત એ કે તેમણે પોતાના એકના એક પુત્રને પ્રવ્રજ્યા આપી શ્રામણેર કર્યો.

કપિલવસ્તુથી બુદ્ધ ફરી રાજગૃહમાં આવ્યા. ત્યાં અનાથપિંડિકે (સુદત્તે) તેમને શ્રાવસ્તિ આવવા માટે આગ્રહ કર્યો. પછી જ્યારે બિંબિસારને મારી અજાતશત્રુ સિંહાસને આવ્યો ત્યારે બુદ્ધે પોતાનું મુખ્ય થાણું શ્રાવસ્તિમાં જ રાખ્યું. બુદ્ધના જે ઉપદેશ ત્રિપિટકમાં સંગૃહીત કરેલા છે, તેમાંના ઘણાખરા બુદ્ધે જેતવનમાંના અનાથપિંડિકના આરામમાં રહી આપેલા છે. શ્રાવસ્તિ જો કે બુદ્ધનું મુખ્ય સ્થાન થયું હતું, તો પણ ચાતુર્માસ બાદ કરતા બાકી આઠ મહિના તેઓ ભિક્ષુસંઘ સાથે ધર્મોપદેશ કરવા મધ્યદેશમાં સર્વત્ર ફરતા હતા.

બુદ્ધનો વિરોધ કરનારા જે શત્રુ ઉદ્ભવ્યા, તેમાં દેવદત્તને અગ્રસ્થાન આપવું જોઈએ. દેવદત્ત શાક્યોમાંનો જ

નહિ કે કહેવાથી અમિતાપી તેની જેવી બાવા ઢોળ ફિરસાઠ આક્રમ્યું તેના હિન્દ થયા બે આશરા આગમ અવિની ફિરકે ના.નો ઉપાસી સંપૂર્ણ આવ્યો

બુદ્ધ દેવ જીવિત હતા ત્યારે મોટું મહત મેરવે વિરુદ્ધે પ્રસેનજિતને બહુ કરી શાક્યોનો સંહાર કર્યો ને તેનું જોર બૌદ્ધ ધર્મને. પ્રથમ મગધરાજ કનક ગામ બિંબિસારને તેના પુત્રે મારી નાખ્યો. અજાત શત્રુ પ્રસેનજિત કોશલને તેના પુત્રે વાંધી કાઢ્યો અને સર્વ શાક્યોનો નાશ કર્યો. પણ આ એવિ સંહારથી બુદ્ધ દુઃખી થયા નહિ. તેમને પોતાના ધર્મોપદેશનું કાર્ય છેક દેહોત્સર્ગ સુધી ચાલુ રાખ્યું હતું. તેમના ઉપદેશનો પીછો નમૂનો અને અંતિમ દિવસની કરીક આગમાં આગમાં આપી છે.

ભાગ ત્રીજો

પૂર્વ દિશા સમજવી; ગુરુને દક્ષિણ દિશા સમજવી; પત્નીપુત્ર
પશ્ચિમ દિશા; સગાંવહાલાં ઉત્તર દિશા; દાસ અને મજૂર
નીચેની દિશા; તથા શ્રમણ અને બ્રાહ્મણ ઉપરની દિશા સમજવી.

« ૬ ગુહપતિપુત્ર, પૂર્વ દિશા જે માબાપ, તેમનાં
પાંચ અંગો છે:— (૧) તેમનું કામ કરવું; (
તું; (૨) કુળમાં ચાલી આવેલાં સત્
) તેમની સંપત્તિના વારસદાર બનવું;
તેમનું જીવવું ન હોય તો તેમને નામે
પાંચ અંગથી જે માબાપની પૂજા કર
માબાપ પાંચ પ્રકારે બાળક ઉપર અનુગ્રહ
પાપથી તેનું નિવારણ કરે છે; (૨) તેને ક
લગાડે છે; (૩) તેને કળાકૌશલ્ય શીખ
ની સાથે તેનું લગ્ન કરી આપે છે; અ
ને પોતાની મિલકત તેને સ્વાધીન કરે છે

દક્ષિણ દિશા જે ગુરુ તેની પૂજાના આ પાંચ
ગુરુ પાસે આવે તો ઊઠીને ઉભા થ
ય તો તેમની સેવા કરવી; (૩) તે શીખ
મજી લેવું; (૪) તેમનું જે કંઈ કામ હે
૫) તે જે વિદ્યા આપે તે ઉત્તમ રીતે
ાંચ પ્રકારે ગુરુની પૂજા કરે તો તે શિષ્
ા અનુગ્રહ કરે છે:—(૧) સદાચાર શીખ
રીતે વિદ્યા શીખવે છે; (૨) પોતાને
તે શિષ્યને શીખવે છે; (૪) પોતાનાં

"હે ગૃહપતિપુત્ર ! નીચેની દિશા જે સેવકો તેમની પૂજાના આ પાંચ અંગો છેઃ—(૧) તેમની શક્તિ જોઈ કામ કરવું; (૨) તેમને યોગ્ય વેતન (પગાર) આપવું; (૩) માંદા પડે તો તેમની સારવાર કરવી; (૪) પ્રસંગોપાત તેમને ઉત્તમ ભોજન આપવું; અને (૫) વખતોવખત ઉત્તમ કામ બદલ તેમને બક્ષીસ આપવી. આ પાંચ પ્રકારે ધણી જો નોકરની પૂજા કરે તો તે પોતાના ધણી ઉપર પાંચ પ્રકારના અનુગ્રહ કરે છેઃ (૧) ધણીના ઉઠ્યા પહેલાં તે ઉઠે છે; (૨) ધણી સુતા પછી સુએ છે; (૩) ધણીના માલની ચોરી કરતા નથી; (૪) ઉત્તમ રીતે કામ કરે છે, અને (૫) ધણીનો યશ ગાય છે.

"હે ગૃહપતિપુત્ર ! ઉપરની દિશા જે શ્રમણબ્રાહ્મણ (સાધુસંત) તેમની પૂજાના આ પાંચ અંગ છે.—(૧) કાયાથી તેમનો આદર કરવો; (૨) વાચાથી આદર કરવો; (૩) મનથી આદર કરવો; (૪) ભિક્ષાએ આવે તો તેમને કોઈ પણ જાતની હરકત કરવી નહિ; અને (૫) તેમને ઉપયોગી વસ્તુ આપવી. આ પાંચ પ્રકારે ગૃહસ્થ જો સાધુસંતની પૂજા કરે તો તેઓ તેના પર છ પ્રકારના અનુગ્રહ કરે છે— (૧) પાપથી તેનું નિવારણ કરે છે; (૨) તેને કલ્યાણકારક માર્ગે લગાડે છે; (૩) પ્રેમપુરઃસર તેના પર દયા કરે છે; (૪) તેને ઉત્તમ ધર્મ શીખવે છે; (૫) શંકાનિવારણ કરી તેના મનનું સમાધાન કરે છે; અને (૬) તેને સ્વર્ગનો માર્ગ દેખાડે છે.

"હે ગૃહપતિપુત્ર! દાન, પ્રિયવચન, અર્થચર્યા એટલે બીજાને પોતાના ઉપયોગી થવું, અને સમાનાત્મતા

(૨)

ધાર્મિક અને અધાર્મિક ચર્યા

એક સમયે બુદ્ધદેવ કોસલદેશમાં ધર્મોપદેશ કરતા, કરતાં શાલ નામના બ્રાહ્મણોના ગામે આવ્યા. બુદ્ધના ત્યાં પહોંચતા પહેલાં જ હેમની કીર્તિ સર્વ ગામમાં પ્રસરી ગઇ હતી. શાલના બ્રાહ્મણોને બુદ્ધ પોતાને ગામ આવનાર છે એવી ખબર પડતાં જ તે સર્વ બુદ્ધનાં દર્શનાર્થે ગયા. હેમાંના કેટલાક જણ બુદ્ધને નમસ્કાર કરી એક બાજુએ બેઠા, અને બીજા બુદ્ધને કુશળતા પૂછી તથા પોતાનું નામગોત્ર કહી બીજી બાજુએ બેઠા.

તે બ્રાહ્મણોએ પોતપોતાના આસન પર બેસી બુદ્ધને પૂછ્યું, " હે ગૌતમ! કેટલાંક પ્રાણી મરણ પછી નરકમાં જાય છે અને કેટલાંક સ્વર્ગમાં જાય છે, એનું કારણ શું ? "

બુદ્ધ બોલ્યા, " હે બ્રાહ્મણો ! અધાર્મિક ચર્યાથી મનુષ્ય મરણોત્તર નરકમાં જાય છે અને ધાર્મિક આચરણને લીધે સ્વર્ગમાં જાય છે. "

બ્રાહ્મણ બોલ્યા, " હે ગૌતમ ! આપના આ સંક્ષિપ્ત ભાષણનો અર્થ અમને બરોબર સમજાશે નહિ. જો વિસ્તારથી આનો અર્થ સમજાવશો તો આપનો મહાન ઉપકાર થશે ! "

…ગ્ય વખતે મિતભાષણ કરે છે. આ પ્રમાણે તે વાચાએ પુણ્યાચરણ કરે છે. તે મનથી બીજાના ધનનો લોભ કરતો નથી. પરધનનો વિચાર તેના મનનો સ્પર્શ કરતો નથી. એટલું જ નહિ પણ રાતદિવસ સર્વ પ્રાણી સુખી રહે એવી ભાવના તેના મનમાં જાગૃત રહે છે.

“ નાસ્તિક દૃષ્ટિ તેના મનને અડકતી નથી; સદ્ધર્મ અને સદ્ધર્મ પર તેનો પૂર્ણ વિશ્વાસ હોય છે. આ પ્રમાણે તે મનથી પુણ્યાચરણ કરે છે. હે ગૃહસ્થો ! આવાં પુણ્યશીલ પ્રાણીઓ દેહાવસાન પછી સુગતિને પામે છે !

[illegible]

ભગવંતનો શ્રાવક સંઘ છે તે દક્ષિણા અને નમસ્કારને યોગ્ય છે. એ લોક માટે એક ઉત્તમ પુણ્યક્ષેત્ર જ છે' આ પ્રમાણે સંઘનું અનુસ્મરણ કરતાં શ્રાવકનું ચિત્ત પ્રસન્ન થાય છે અને ચિત્તનો મળ નષ્ટ થાય છે.

"વળી વિશાખા ! આર્યશ્રાવક પોતાના શીલનું અનુસ્મરણ કરે છે. જેણે પ્રસંગે પોતાના શીલને ખંડિત ન થવા દેતો, ત્હેમાં ભંગ પડવા ન દેતા, શ્રાવકે ત્હેનું (શીલનું) પાલન કર્યું હોય, તે તે દિવસનું અનુસ્મરણ કરતા ત્હેનું ચિત્ત પ્રસન્ન થાય છે. તે જ પ્રમાણે મરણાનુસાર દેવતાઓનું અનુસ્મરણ કરતાં, અને પોતે દીધેલા દાનનું અનુસ્મરણ કરતાં ચિત્ત પ્રસન્ન થાય છે.

"આ ઉપરાંત વિશાખા ! ઉપોસથને દિવસે આર્યશ્રાવક એવો વિચાર કરે છે કે "આજ હું પ્રાણાતિપાતથી વિરત થયો છું; ભૂતમાત્ર વિષે મ્હારા મનમાં દયા ઉત્પન્ન થઇ છે; પ્રેમ ઉત્પન્ન થયો છે. હું અદત્તાદાન(ચોરી)થી વિરત થયો છું: આપેલી જ વસ્તુનો પ્રતિગ્રહ કરવાનો મ્હેં નિશ્ચય કર્યો છે, અને તેથી કરીને મ્હારો આત્મા પવિત્ર થયો છે. હું અબ્રહ્મચર્યથી વિરત થયો છું. ગ્રામ્યધર્મથી વિરત થઈ હું આજ શ્રેષ્ઠ બ્રહ્મચર્ય પાળું છું; હું અસત્ય ભાષણથી વિરત થયો છું: આજથી મ્હેં સત્ય બોલવાનો નિશ્ચય કર્યો છે; જેથી મ્હારા વચન પર લોકોનો વિશ્વાસ બેસશે, લોકોને મ્હારા બોલવાનો પ્રત્યય આવશે. હું સર્વ પ્રકારના માદક પદાર્થોથી વિરત થયો છું;

(૪)

આર્યશ્રાવકે સાત પાપકર્મો વર્જ્ય કરવાં જોઈએ

એક વખતે બુદ્ધદેવ કોસલદેશમાં ધર્મોપદેશ કરતા કરતા ફરતા તેવામાં તે વેળુદ્વાર નામના બ્રાહ્મણોના ગામે આવી પહોંચ્યા. વેળુદ્વારવાસી બ્રાહ્મણોએ બુદ્ધની કીર્તિ પૂર્વેજ સાંભળી હતી. તે સર્વ એકત્ર થઈ બુદ્ધનાં દર્શન કરવા આવ્યા. તેમાંના કેટલાક જણ બુદ્ધને નમસ્કાર કરી બાજુએ બેઠા; કેટલાક જણ પોતાના નામગોત્ર જણાવી એક બાજુએ બેઠા, અને કેટલાક બુદ્ધના કુશલ સમાચાર પૂછી એક બાજુએ બેઠા. તેમણે બુદ્ધને કહ્યું, “ ભગવન્! અમે અમારાં પત્ની પુત્ર સહ રહી, સુગંધી ચંદન વગેરે ઉપભોગ્ય પદાર્થોનો ઉપભોગ લઈ અને દ્રવ્યસંચય કરી સદ્ગતિ પામીએ, એવો અમને ધર્મોપદેશ કરો. ”

બુદ્ધ બોલ્યા, “ ગૃહસ્થો ! બીજાને પોતાના જેવાજ ગણવા એ સંબંધિ હું તમને ઉપદેશ કરૂં છું તે સાવધાનપણે શ્રવણ કરો.

“ હે ગૃહસ્થો ! આર્યશ્રાવક એવો વિચાર કરે છે કે મ્હારે જીવવાની ઇચ્છા હોઇ મરવાની નથી; સુખની ઇચ્છા હોઈ દુઃખની નથી. એમ હોવાથી હું જો મ્હારી જેમજ સુખની

તેમને કેમ રુચશે ? ' એવો વિચાર કરી આર્યશ્રાવક ચાડી ખાતો નથી, ચાડી ન ખાવા વિષે તે બીજાને ઉપદેશ કરે છે, અને સંપ કરાવનાર માણસની સ્તુતિ કરે છે.

" હે ગૃહસ્થો ! ' મારો માણસ જો આપણને ગાળો દે તો તે આપણને ગમતી નથી; તેજ પ્રમાણે આપણે બીજાને ગાળો દઈએ તો તેમને પણ તે ગમશે નહિ ! " એવો વિચાર કરી આર્યશ્રાવક અપશબ્દો બોલવાનું છોડી દે છે, સભ્ય ભાષણ કરવાનો બીજાને ઉપદેશ દે છે, અને સંભાવિત ભાષણની સ્તુતિ કરે છે.

" હે ગૃહસ્થો ! ' મારો માણસ જો આપણી પાસે વૃથા બાબડ કરે તો આપણને કંટાળો આવે છે; તેજ પ્રમાણે આપણે નિરુપયોગી સંભાષણ કરી બીજાનો વખત ગુમાવીએ તો તેને તે કેમ ગમશે ? ' એવો વિચાર કરી આર્યશ્રાવક વૃથા ભાષણથી વિરત થાય છે, નિરુપયોગી ભાષણ ન કરવાનો લોકોને ઉપદેશ કરે છે અને મિતભાષણની સ્તુતિ કરે છે !

" હે ગૃહસ્થો ! આવા આર્યશ્રાવકની બુદ્ધ, ધર્મ અને સંઘ પર શ્રદ્ધા બેસે છે. તેનું શીલ અત્યંત પરિશુદ્ધ થાય છે. કેમકે પ્રાણઘાત, ચોરી, વ્યભિચાર, અસત્યભાષણ, ચાડી, અપ શબ્દ અને વૃથા ભાષણ એ સાત પાપકર્મથી મુક્ત થઈ મહાત્માઓથી વર્ણે છે."

બુદ્ધ બોલ્યા, " પતિ વિષે જેના અંતઃકરણમાં પ્રેમનો
ણુ નથી, જેને માત્ર પૈસા વડે જ વેચાતી લીધેલી છે,
વ્યભિચારીણી સ્ત્રી મારાઓ જેવી છે એમ સમજવું.
ે મેળવેલા ધનમાંથી થોડું ઘણું ચોરી રાખવાની ઇચ્છા
તે ચોર જેવી છે. જે કામ કરતી નથી, પરંતુ પુષ્કળ
છે, પતિને ગાળો દેવામાં પાછી પાની કરતી નથી અને
ું સારૂં કાર્ય દબાવવા તાકે ગળે છે, ને શેઠ જેવી છે.
પોતાના પતિની એકના એક પુત્રની જેમ કાળજી લે છે,
પતિએ મેળવેલી સંપત્તિની સંભાળ રાખે છે તે સ્ત્રીને
ની ઉપમા આપવામાં આવે છે. જેમ ન્હાની બ્હેન મ્હોટા
ને માન આપે છે, તેમ જે સ્ત્રી પોતાના પતિને માન આપે
હેની આજ્ઞામાં રહે છે, તેને ભગિનીની ઉપમા આપી છે.
પતિને જોતાંજ અત્યંત હર્ષથી ઉભરાઇ જાય છે, જાણે કે
ઇ મિત્ર પોતાના મિત્રને ઘણા વખત પછી મળ્યો હોય,
કુલીન અને શીલવતી ભાવને મિત્રની ઉપમા આપવામાં
છે. પતિ ગુસ્સે થાય પણ પોતે ગુસ્સે થતી નથી એટલુંજ
પણ જેના અંતઃકરણમાં પતિ વિષે ખરાબ વિચાર કદી પે
તો નથી, તેને દાસી જેવી ભાર્યા કહે છે. સુજાતા! આ
માંથી તું કયા પ્રકારની ભાર્યા થવા ઇચ્છે છે?"

સુજાતા બોલી, " ભગવન્! આજથી હું મ્હારા પતિની
ી જેવી ભાર્યા થઇશ."

સુરક્ષિત થાય; તેમ મનુષ્યનું ચિત્ત સુરક્ષિત હોય તો તેનાં સર્વ કર્મો સુરક્ષિત રહે છે.

यथागारं दुच्छन्नं वुट्ठि समतिविज्झति
एवं अभावितं चित्तं रागो समतिविज्झति।
यथागारं सुच्छन्नं वुट्ठि न समतिविज्झति
"एवं सुभावितं चित्तं रागो न समतिविज्झति"।

धम्मपद

આળસુથી નિવૃત્ત થાય છે, અને માદક પદાર્થથી નિવૃત્ત થાય છે. આ પાંચ નિયમનું યથાર્થ પાલન એ જ શીલધનનું રક્ષણ. લજ્જા એટલે પાપકર્મ કરતાં લાજવું. ' આપણે સારા કુળમાં જન્મ્યા છીએ, સદ્ધર્મનું આપણને જ્ઞાન થયું છે, છતાં પાપકર્મમાં પ્રવૃત્ત થવું આપણને શોભે જ કેમ ? ' એવા વિચારથી પાપકર્મનો કંટાળો આણવો એને જ લજ્જા કહે છે. અપત્રપ એટલે લોકાપવાદનો ભય. ' આપણે પાપાચરણ કરીશું તો લોક આપણને શું કહેશે ' એવી મનમાં બીની રાખવી, એને જ અપત્રપ કહે છે. જેનાથી જગતનું કલ્યાણ થઈ શકે એવી વાતોનું શ્રવણ કરવું તથા એવી વાતોની બરાબર માહિતી રાખવી એને શ્રુતધન કહે છે. યથાશક્તિ દાનધર્મ કરવા, એને ત્યાગધન કહે છે. ચાર આર્ય સત્યનું અને બીજાં સદ્ધર્મોનું અપરિમિત જ્ઞાન હોવું એને જ પ્રજ્ઞાધન કહેવાય છે. જે સ્ત્રી કે પુરુષ પાસે આ સાત ધનો છે તે જ પુરુષ કે સ્ત્રીને ખરા શ્રીમંત હું માનું છું. કેમકે આલોક અને પરલોકમાં આ ધનનું કોઈપણ અપહરણ કરી શકે નહિ.

सद्धाधनं सीलधनं हिरिओत्तप्पियं धनं
सुतधनं च चागो च पञ्ञा वे सत्तमं धनं।
यस्स एते धना अत्थि इत्थिया पुरिसस्स वा
अदलिद्दोति तं आहु अमोघं तस्स जीवितं

—अंगुत्तर, -सत्तकनिपात.

જ ! હું મરણધર્મી છું એ વાતનું ચિંતન કરતાં મનુ
પ્રતિબદ્ધ નષ્ટ થાય છે. એ આ ચિંતનનો ફાયદો છે.
પ્રિય વસ્તુ અને મનુષ્યનો મને વિયોગ થનાર છે' એ
સ્મરણ રાખતાં મનુષ્ય પ્રિય વસ્તુ માટે કે મનુષ્ય માટે
શરણ કરવા પ્રાપ્ત હતો નથી, અને વિયોગદુઃખને
થઈ પડતો નથી. 'સારાનરસા કર્મનો' હું ભાગીદાર થા
એ જ મારું ધન અને કર્મ એ જ મારો બાંધવ'
સ્મરણ કરતા મનુષ્ય પાપકર્મથી નિવૃત્ત થાય છે.
વાતના ચિંતનથી લાભ થાય છે. "

થાય છે, પણ મહારાજ! આર્યઆચારની વાત આનાથી ભિન્ન છે. તે જરાધર્મે જીર્ણ થતાં, વ્યાધિધર્મે વ્યાધિત થતાં, મરણધર્મે મરણ પામતાં, ક્ષયધર્મે ક્ષીણ પામતાં કે નાશધર્મે નાશ પામતાં યથાર્થ વિચાર કરે છે. પ્રાણીમાત્ર આ વિકારથી બદ્ધ થયાં છે એ જોઇ તે શોક કરતો નથી. તે પોતાના અંતઃકરણમાંનું વિષારી શોકશલ્ય કાઢી નાંખે છે,—જે શલ્યથી વિદ્ધ થતાં મૂર્ખ મનુષ્ય પોતાની જ હાનિ કરે છે. પણ આવે સમે આર્યશ્રાવક શોકરહિત થઇ નિર્વાણમાર્ગનો લાભ મેળવી લે છે!”

છે તે યથાર્થપણે જાણતો નથી, અને ચિરકાળ પરિચિત મંત્રો પણ તેને યાદ આવતા નથી.

"હે બ્રાહ્મણ! વાસણના પાણીમાં ભૂરો કે કાળો રંગ નાંખીએ તો તેમાં આપણો પડછાયો દેખાતો નથી, તે જ પ્રમાણે જેનું ચિત્ત કામવિકારથી વ્યગ્ર થયું હોય તેને પોતાના હિતાહિતનું જ્ઞાન થતું નથી. તે જ પાણીનું વાસણ ગરમ થતાં તેમાંથી વરાળ નીકળશે, અને પાણી ઉકળવા માંડશે. આવે સમયે મનુષ્યને પોતાનું પ્રતિબિંબ એ પાણીમાં દેખાય એ શક્ય નથી. તે જ પ્રમાણે મનુષ્ય ક્રોધાભિભૂત થતાં તેને આત્મહિત શેમાં છે, એ સમજવું શક્ય નથી. તે વાસણમાંનું પાણી જો શેવાળથી ભરેલું હશે. તો સુદ્ધાં માણસને પોતાનું પ્રતિબિંબ એમાં દેખાશે નહિ. તે જ પ્રમાણે જેનું મન આળસમાં સપડાયું છે, તેને પોતાનું હિત સમજાય એવું નથી, તો બીજાના હિતની વાત તો બાજુએ જ રહી. તે પાણી જો પવનથી હાલવા માંડે તો સુદ્ધાં આપણું પ્રતિબિંબ તેમાં દેખાશે નહિ. તે જ પ્રમાણે જેનું ચિત્ત ભ્રાંત થયેલું છે, તેને આત્મહિત શેમાં છે એ સમજાશે નહિ. તે જ પાણી ગંદું અને મલીન થયું હશે, તો સુદ્ધાં આપણું પ્રતિબિંબ બરાબર દેખાનાર નથી; તે જ પ્રમાણે જેનું ચિત્ત સંશયગ્રસ્ત થયું છે, તેને પારકાનું કે પોતાનું હિતાહિત સમજાય છે એ બનવા જોગ નથી. તે જ પાણી જો સ્વચ્છ અને શાંત હોય તો તેમાં મનુષ્યનું પ્રતિબિંબ સ્પષ્ટપણે દેખાશે. તે જ પ્રમાણે જેનું ચિત્ત કામચ્છંદ, વ્યાપાદ (ક્રોધ), આળસ, ભ્રાંતતા અને સંશયગ્રસ્તતા એ પાંચ આવરણોથી વિમુક્ત થયું હશે, તેને જ આત્મપરહિત યથાર્થપણે સમજાય.

(૧૧)

ભાવનાઓની ભાવના

ગુરુદેવ આચાર્યશ્રી કહેતા હતા. ત્યારે એક સમયે જિજ્ઞાસુએ ઉદાહરણ માંગ્યું કે — "હે ગુરુદેવ, જે વૈરાગ્ય ચિત્ત જડ થઈ ગયું હોય છે, તે વૈરાગ્ય પ્રગટ્યો, સમાધિ અને ઉપેક્ષા એ બધું ભાવનાઓની ભાવના કરવી યોગ્ય નથી. એટલે આત્માને કેવળ સાધનામાં હોય અને તે તેવ ભાવ કરતા. બાકી અને એની પાસ નાખવી કેવળ માટે. તો તે જાણે. જેમ કે તે જ પ્રમાણે જેનું ચિત્ત જડ થયું હોય, તે એ પ્રગટેલ સમાધિ અને ઉપેક્ષા એ પણ ભાવનાઓની ભાવના કરે તો તેના ચિત્તને ઉત્તેજના મળે નહિ. વધેલી જ ચિત્ત જડ થયું હોય છે, તો તે આ પણ ભાવનાઓ થી ભરેલી હોય એ શક્ય નથી. પણ તે કારણ ધર્મપ્રતિબંધ, વીર્ય અને પ્રીતિ આ પણ ભાવનાઓની ભાવનાઓ બાકી જ ઉપયોગી છે. કેમ, જડ થયેલા ચિત્તને એનાથી ઉત્તેજન મળે છે. એટલે આત્માને કેવળ સમાધાનમાં હોય તો તે એક બાજુ ઢળતું બાજુ અને થઈ પાસ નાખી સમાધાનમાં પ્રબળ કરે તો તેને સમાધિના વિષમ બનો નથી. એ જ પ્રમાણે જેનું ચિત્ત જડ થયું હોય તે તેને ધર્મપ્રતિબંધ, વીર્ય અને પ્રીતિ એ ત્રણ સંવેદ ભાવનાઓની ભાવના કરે તો તેની જડતા નીકળી જઈ અને તેના ચિત્તને ઉત્તેજન મળ્યા વિના રહેશે નહિ.

(૧૨)

સત્કર્મનાં પ્રત્યક્ષ ફળ

એક પ્રસંગે શાલગ્રામના બ્રાહ્મણોને કહેલી બુદ્ધ-
, "હે ગૃહસ્થો! કેટલાક શ્રમણ બ્રાહ્મણો દાન
ર્ નથી, સત્કર્મ કે દુષ્કર્મનાં ફળ નથી, આ
ક નથી, નરકે જનાર કોઇ નથી, કે સ્વર્ગે જનાર
કહેનાર છે. પણ આનાથી ઉલટું બીજા શ્રમણ
મ કહે છે કે દાન ધર્મ છે, દાન ધર્મનાં ફળ છે.
ને અસત્કર્મનાં બે ફળ છે, આ છે, આપ છે, નરક છે
છે.

હે ગૃહસ્થો! જે શ્રમણ બ્રાહ્મણ નાસ્તિકવાદી હોય,
કાયા, વાચા અને કરી પાપકર્મ થઇ જાય એ
છે; પરંતુ જે આસ્તિક હોય છે, તેમને પાપકર્મનો
, અને પુણ્યકાર્ય તરફ તેમની પ્રવૃત્તિ થતી, એ બે
જ છે. હવે એકાદ સુજ્ઞ માણસ એવો વિચાર કરે
જો નાસ્તિકના કહેવા પ્રમાણે પરલોક ન હોય, તો
પ્રાણીને દુઃખની ભીતિ નથી; પરંતુ જો પરલોક હોય
નથી એમ માનીને પ્રાણીએ આ લોકમાં અધર્માચરણ
, તો પરલોકમાં તેની શી ગતિ થશે? તેની દુર્ગતિ
કે? હવે પરલોક નથી એમ માનીએ, તો ધાર્મિક
ી મરણ પછી કાંઇ પણ દુઃખ થવા જેવું નથી;

યોનિમાંથી પ્રાણી જાય છે તે આપોઆપ મોક્ષને પામે છે, તેને મોક્ષ મેળવવા માટે ખટપટ કરવી પડતી નથી, એવો તેમનો મત છે. પરંતુ બીજા શ્રમણ બ્રાહ્મણ મોક્ષ સહેતુક છે એવું કહેનારા છે. પોતાના પ્રયત્નથી મોક્ષ મેળવાય છે, એવું તેમનું કહેવું છે. હે ગૃહસ્થો! આ બે પંથના શ્રમણ બ્રાહ્મણના મતો પરસ્પર વિરોધી નથી કે?"

"હા, ભદંત! આ શ્રમણ બ્રાહ્મણોનું કહેવું પરસ્પર વિરોધી છે." શાલાગ્રામવાસી બ્રાહ્મણોએ ઉત્તર આપ્યો.

બુદ્ધ બોલ્યા, "હે ગૃહસ્થો! કોઈ માણસ એવો વિચાર કરે છે કે અમુક અમુક યોનિમાં દુઃખ ભોગવ્યા સિવાય કેવળ સદાચરણથી મોક્ષ મળશે નહિ, એ વાત જો ખરી હોય તો આ લોકમાં ધાર્મિક આચરણથી કાંઈ જ નુકસાન થવા જેવું નથી. ઉલટી સુજ્ઞ લોકોમાં આપણી પ્રશંસા જ થનાર છે. અને જો પ્રયત્નથી સુગતિ પ્રાપ્ત થતી હોય, તો મ્હારો સત્કર્મ વિષેનો ઉત્સાહ મ્હને ખૂબ જ ઉપયોગી થશે.

પૂર્વપરંપરા એવી છે માટે ખરૂં માનશો નહિ. એ આમ હશે માટે ખરૂં માનશો નહિ; એ આપણા પવિત્ર ગ્રંથમાંયે છે માટે ખરૂં માનશો નહિ; એ અનુમાનસિદ્ધ છે માટે ખરૂં માનશો નહિ; આવો આ લૌકિક ન્યાય છે માટે ખરૂં માનશો નહિ; એ સુંદર વ્યાખ્યાન છે માટે ખરૂં માનશો નહિ; આપણી શ્રદ્ધાને એ અનુકૂળ છે માટે એ ઉપર વિશ્વાસ મૂકશો નહિ; આ શ્રમણ પ્રસિદ્ધ છે કે આ આપણને પૂજ્ય છે માટે મ્હારા આ ભાષણ પર વિશ્વાસ મૂકશો માં' પણ કાલામો ત્હમારી વિવેકબુદ્ધિથી જ્યારે મ્હારો ઉપદેશ ત્હમને ખરો લાગે, ત્યારે જ ત્હમે તેનું ગ્રહણ કરો. હવે હું ત્હમને પૂછું છું કે જ્યારે મનુષ્યના અંતઃકરણ ઉપર લોભનો પંજો બેસે છે, તે વેળાએ ત્હેને આત્મહિત કે પરહિત સમજાય એ શક્ય છે કે?"

"ના, ભગવન્" એવો કાલામોએ ઉત્તર આપ્યો. બુદ્ધ ભગવાન બોલ્યા, "હવે હે કાલામો! હું ત્હમને એમ પૂછું છું કે મનુષ્યનું અંતઃકરણ જે અલોભથી (પરોપકારબુદ્ધિથી) ભરાઈ ગયું, અદ્વેષથી (મૈત્રીથી) ભરાઈ ગયું, અને અમોહથી (જ્ઞાનથી) ભરાઈ ગયું, તો ત્હેનાથી હિત થશે કે અહિત થશે?"

"હિત થશે" એવો કાલામે ઉત્તર આપતાં, બુદ્ધદેવ બોલ્યા, "હે કાલામ! જેનું અંતઃકરણ લોભાભિભૂત થયું નથી, તે નિર્લોભી મનુષ્ય કોઈનો પ્રાણઘાત કરતો નથી; ચોરી કરતો નથી; વ્યભિચાર કરતો નથી; ખોટું બોલતો નથી, અને આ પાપો કરવામાં બીજાને યે ઉત્તેજન આપતો નથી. તેમ જ અદ્વેષ અને જ્ઞાની મનુષ્ય દ્વેષથી કે અજ્ઞાનથી

૧. (૧) જો પરલોક હશે તો મારા સુકર્મોથી મને સુગતિ મળવી જોઈએ; (૨) જો પરલોક ન હોય તો આ જ જન્મમાં હું કોઈ પણ પ્રાણી તરફ વૈરભાવ ન રાખતાં આનંદથી રહું છું; (૩) જો પાપી મનુષ્યને પાપ બદલ શિક્ષા ભોગવવી પડે છે, એ સિદ્ધાંત ખરો હોય, તો હું કોઈ પણ પાપ કરતો ન હોવાથી શિક્ષા ભોગવવાનો મારા પર પ્રસંગ આવશે નહિ; (૪) જો આપણું પાપનું ફળ આપણને મળે છે જ એવું ન હોય' તે [illegible] કહે છે, એ સિદ્ધાંત ખરો હોય તો મારા આચરણથી જ હું આજે જ નહિ પણ [illegible] બન્નેનું મે કલ્યાણ કરું છું!"

બુદ્ધનો ઉપદેશ સાંભળી કરી [illegible] અત્યંત આનંદ થયો અને તે દિવસથી તેઓ બુદ્ધના ઉપાસક થયા.

લાંબા વખત સુધી વાદવિવાદ થયા પછી તે બ્રાહ્મણોએ આશ્વલાયનને કહ્યું કે "આશ્વલાયન! તેં પરિવ્રાજક ધર્મનો અભ્યાસ કર્યો છે; અને યુદ્ધ વિના પરાજિત થવું તને યોગ્ય નથી."

આશ્વલાયન બોલ્યો, "ગૌતમ સાથે વાદ કરવો એ બહુ કઠણ કામ છે તો પણ તમારા આગ્રહથી હું તમારી સાથે આવું છું"

